Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૪ મું] [અંક ૪ થો.

મહા.

ઈ. સ. ૧૯૪૮ ૫ મી ફેબ્રુઆરી

વીર સં. ૨૪૭૪ વિક્રમ સં. ૨૦૦૪

પ્રગટકર્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૪ મું અંક ૪ થો.	મહા.	વીર સં. ૨૪૭૪ વિ. સં. ૨૦૦૪

अनुक्रमणिका

૧. શ્રી ઋષભજિન સ્તવન ... ... (મુનિરાજ શ્રી વિનયવિજયજી) ૬૭
૨. શ્રી જિનેશ્વરદેવની વાણી ... ... (મગનલાલ મોતીચંદ શાહ) ૬૮
૩. આત્મશક્તિ ... ... (રાજમલ ભંડારી) ૬૯
૪. મારી મુસાફરી : ૩ ... ... (દ્વિરેફ) ૭૦
૫. વૃદ્ધત્વમીમાંસા ... ... (શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી) ૭૨
૬. વ્યવહાર કૌશલ્ય : ૨ [૨૬૯–૨૭૦] ... ... (મૌક્તિક) ૭૯
૭. સાહિત્ય-વાડીના કુસુમો ... ... (મોહનલાલ દીપચંદ ચોકસી) ૮૧
૮. પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા ... (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા) ૮૫
૯. વિશ્વની વંદનીય વિભૂતિ ૮૯

નવા સભાસદો

૧. શાહ હીરાલાલ અમૃતલાલ	મુંબઈ	પેટ્રન
૨. શાહ ધીરજલાલ નરશીદાસ	ભાવનગર	લાઈફ મેમ્બર
૩. શાહ છોટાલાલ વીરચંદ	મીયાગામ–કરજણ	,,
૪. સંઘવી કાંતિલાલ ભવાનભાઈ	માટુંગા	,,
૫. શાહ મનજી પાસુ	,,	,,
૬. સંઘવી મણિલાલ પ્રાગજીભાઈ	,,	,,

ચૈત્રી પંચાંગ બહાર પડશે.

સભા તરફથી દર વર્ષની માફક સં. ૨૦૦૪ ના ચૈત્રથી સં. ૨૦૦૫ ના ફાગણ સુધીના ચૈત્રી પંચાંગ પ્રસિદ્ધ કરવામાં આવશે. પંચાંગોની નકલ મેમ્બરો તથા ગ્રાહકો પૂરતી જ કાઢવામાં આવતી હોઈ જેમને જેમને તે પંચાંગની જરૂરત હોય તેમણે પોતાને કેટલી નકલ જોઈએ છીએ તે અમને જલ્દી લખી જણાવવું, જેથી તેટલી નકલો વધારે કઢાવી શકાય.

છૂટક નકલ એક આનો. સો નકલના રૂા. સાડાપાંચ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશ્વની વંદનીય વિભૂતિ.

"ભાવનગર સમાચાર"ના સૌજન્યથી.

જન્મ : ૧૮૬૯ ના ૨ ઑક્ટોબર
સ્વર્ગવાસ : ૧૯૪૮ ના ૩૦ જાન્યુઆરી

અચાનક વિદ્યુત્પાત થાય તેમ તા. ૩૦ મી જાન્યુઆરી શુક્રવારના સાંજના સમાચાર ફરી વળ્યા કે–પૂજ્ય ગાંધીજી સ્વર્ગવાસી થયા છે. અકલ્પનીય આ સમાચારથી સમસ્ત વિશ્વ શોકસાગરમાં ડૂબી ગયું.

પૂજ્ય ગાંધીજી પાંચ વાગે પ્રાર્થનાસભામાં જવા માટે પોતાની પૌત્રીઓ સાથે બીરલા ભુવનમાંથી નીકળી, પ્રાર્થના સભામાં પહોંચ્યા કે તરત જ નથુરામ વિનાયક ગોડસે નામના ૩૬ વર્ષના મહારાષ્ટ્રીય હિન્દુ યુવાને તેમની છાતી પર, પાંચ–છ ફુટને અંતરેથી, ત્રણ ચાર ગોળીબાર કર્યા. પૂ. ગાંધીજી તરત જ જમીન પર ઢળી પડ્યા, લોહી વહેવા લાગ્યું અને તેમને ફરી બીરલા ભુવનમાં લાવવામાં આવ્યા, જ્યાં ૫–૪૦ તેમનો દેહોત્સર્ગ થયો.

For Private And Personal Use Only

હિંદુરાષ્ટ્ર ના
તંત્રી છે, અને હુમલાને આગલે દિવસે જ દીલ્હી આવ્યો હતો.

દેવોને પણ ઇર્ષ્યા ઉત્પન્ન કરે તેવી દબદબાભરી રીતે બીરલા હાઉસમાંથી પૂ. ગાંધીજીની શ્મશાનયાત્રા તા. ૩૧ મીના બપોરના ૧૧-૪૫ નીકળી હતી. લશ્કરી વિશાળ ગાડીમાં સફેદ ખાદીની ચાદર ગાંધીજીના મૃત દેહને વીંટાળવામાં આવી હતી. શ્મશાનયાત્રામાં લાખો માણસોએ ભાગ લીધો હતો. શ્મશાનયાત્રા પાંચ માઇલ લાંબે રાજઘાટ પર પહોંચ્યાબાદ ચંદનના કાષ્ઠોની ચિતામાં ૪-૫૫ કલાકે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. શ્મશાનયાત્રામાં વાઇસરોય લોર્ડ માઉન્ટબેટન, પ્રધાનમંડળ, અનેક રાજવીઓ, દેશ-દેશનાં એલચીઓ અને વિરાટ જનસંખ્યાએ ભાગ લીધો હતો.

પૂ. ગાંધીજીએ તેમના જીવનમાં અનેક અગ્નિપરીક્ષાઓ પસાર કરી હતી. આઝાદીની ઉષા પ્રગટ્યા પછી પણ તેઓની પ્રાર્થનાસભામાં ફેંકાયેલ બોંબનો ભોગ બનતા બચી ગયા હતા. કોમી-એખલાસ માટે આમરણાંત ઉપવાસ પણ સફળ રીતે પાર પાડ્યા હતા પણ તા. ૩૦ મીની કમનસીબ પળે તેઓ પ્રભુ-પ્રાર્થના કરવા જતાં પ્રભુના સાનિધ્યમાં ચાલ્યા ગયા છે.

આ મહાત્મા પુરુષને, સમગ્ર રાષ્ટ્રોએ પોતાના વાવટા અર્ધકાઠીએ ઉતારી અપૂર્વ અંજલિ આપી છે.

પૂ. ગાંધીજી દાવાનળમાં તપ્ત દુનિયાને શાંતિ ને આશ્વાસનનો અમૂલો સંદેશ આપનાર હતા.

પૂ. ગાંધીજી શાંતિ ને સુલેહના ફિરસ્તા હતા.

પૂ. ગાંધીજી અહિંસા, સંયમ ને ત્યાગના ઉત્કૃષ્ટ નમૂના હતા.

પૂ. ગાંધીજી જગતની માનવજાતિને મહાન બોધપાઠરૂપ હતા.

પૂ. ગાંધીજી નશ્વર દેહે વિલીન થયા છતાં તેમના જીવંત કાર્યોથી અમર જ છે.

પરમાત્મા તેમના પવિત્ર આત્માને ચિર શાંતિ અર્પો

તા. ૧ લી ફેબ્રુઆરીના રોજ સવારના નવ વાગે શ્રી સમવસરણના વંડામાં શ્રી જૈન સંઘની મિટીંગ શ્રી ભીમજીભાઇ હરજીવનદાસ(સુશીલ)ના પ્રમુખપણા નીચે મળી હતી જે સમયે માનનીય શ્રી જગજીવન શિવલાલ પરીખ, શ્રી જુઠાભાઇ સાકરચંદ વોરા અને શ્રી ભાઇચંદભાઇ અમરચંદ વકીલના પ્રસંગોચિત પ્રવચનબાદ શોકજનક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીયુત હીરાલાલ અમૃતલાલ શાહ—મુંબઈ.

શ્રી મહોદય પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રીયુત હીરાલાલ અમૃતલાલ શાહ

ભાઇશ્રી હીરાલાલ અમૃતલાલ શાહ બી. એ., આ સભાના એક માનવંતા પેટ્રન થયા છે, તે ઘણા હર્ષ અને સંતોષની વાત છે. શ્રી હીરાલાલભાઈ એક ખાનદાન કુટુંબના નબીરા છે. તેમના વડીલોએ દેરાસર, ધર્મશાળા વિગેરે અનેક ધર્મ અને સખાવતના કામ કરેલ છે. શહેર ભાવનગરમાં સ્ટેશનની બાજુમાં આવેલ "શ્રી હીરાલાલ અમૃતલાલ"ના નામથી ઓળખાતી ધર્મ-શાળાનો અનેક યાત્રિકો લાભ લે છે.

શ્રી હીરાલાલભાઇ એક સંશોધક, વિચારક અને સતત અભ્યાસી છે. તેમના પ્રિય વિષય જ્યોતિષશાસ્ત્ર, ફલજ્યોતિષ (astrology) અને પ્રાચીન શોધ-ખોળ વિગેરે છે. આ વિષય માટે તેમણે લખેલા કેટલાક લેખો Bhandarkar Oriental Research Institute વિગેરે પત્રોમાં છપાયેલા છે. તેઓ અભ્યાસી છે એટલું જ નહિ પણ એક વ્યવહારકુશળ વેપારી અને ઉદ્યોગપતિ છે. તેઓશ્રી "વસન્તવિજય" મીલ્સના માલિક છે.

ભાઇશ્રી હીરાલાલે અનેક નાની મોટી સખાવતો કરેલ છે. શહેર ભાવનગરમાં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભુવનમાં તેમણે બાળમંદિર બંધાવી આપેલ છે. તેમની પ્રેરણાથી દાદાસાહેબ જૈન બોર્ડીંગમાં અને પાલીતાણા બાળાશ્રમમાં મકાનોના અમુક ભાગો બંધાયા છે. આ ઉપરાંત સારનાથ બુદ્ધમંદિર, ગુજરાત વિદ્યાપીઠ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય વિગેરે સંસ્થાઓમાં તેઓશ્રીએ સારી સહાય કરી છે.

અભ્યાસ અને વ્યવહારકુશળતા સાથે ભાઇશ્રી હીરાલાલ એક સંસ્કારી ગૃહસ્થ છે. અને તેનો વારસો તેઓશ્રીના પુત્રો અને પુત્રીઓને મળ્યો છે. તેઓશ્રીના ત્રણે પુત્રોએ અમેરિકામાં રહી દુધર ઉદ્યોગની મોટી મોટી ડીગ્રીઓ પ્રાપ્ત કરેલ છે. તેમની પુત્રીઓએ પણ અહીં અને અમેરિકામાં અભ્યાસ કરેલ છે. તેમના પત્ની શ્રીમતી મોંઘીબેન ભાવનગર સંઘના શેઠ સદ્ગત ગિરધરભાઈ આણંદજીની પુત્રી અને શ્રી મોતીચંદભાઈ કાપડીયાના બહેન થાય છે.

આવા ખાનદાન, કેળવાયેલ, સંસ્કારી અને ધનસંપન્ન ગૃહસ્થ આ સભાના પેટ્રન થયા છે, તે ગૌરવ લેવા જેવું છે અને તે માટે અમે ભાઇશ્રી હીરાલાલને અમારા અભિનંદન આપીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક ૬૪ મું. અંક ૪ થો | : મહા : | વીર સં. ૨૪૭૪ વિ. સં. ૨૦૦૪

શ્રી ઋષભજિન સ્તવન.

(કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે કામણ દીસે—એ રાગ.)

મોહ લાગે મૂરત જોઇ આપની રે મોહ લાગે. (ટેક૦)
વદન મનોહર જિનજી તમારું, તે જોઇને મન હરખે મારું;
માયા છોડી માળા રટું તુજ નામની રે. મોહ લાગે૦ ૧

આંગીની શોભા બહુ સારી, નિરખી હરખે નર ને નારી;
એક ચિત્તથી ભક્તિ કરું જિનરાજની રે. મોહ લાગે૦ ૨

હું જંજાળી હયો ઊગારી, આ ભવજળમાંથી હયો તારી;
અરજ ઊરમાં ધારો તુમારા દાસની રે. મોહ લાગે૦ ૩

માયાની જાળે મુંઝાણો, અંધારામાં હું અથડાણો;
મહેર કરો મુજ ઉપર આદિનાથજી રે. મોહ લાગે૦ ૪

સૂરિ વિજય વલ્લભ પસાયે, વિનય નિત્ય નિત્ય ગુણ ગાવે;
શરણાગતને સહાય કરીને તારજો રે. મોહ લાગે૦ ૫

—મુનિરાજશ્રી વિનયવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જિનેશ્વરદેવની વાણી.

(રાગઃ-વિદ્યાની બોલો બોલ બાલા રે, બાલા રે, બાલા, બોલ બાલા.)

જિનવર વાણી જયકારી રે, કારી રે, કારી, જયકારી. એ ટેક૦

ન્યાય પ્રમાણ યુકતા, કુતર્ક દોષ મુક્તા;
તાપ તિમિર હરનારી રે, નારી રે, નારી, હરનારી. જિનવર૦ ૧

દિવ્ય ચક્ષુ દાતા, શિવ શક્તિ વિધાતા;
કર્તવ્યે કામણગારી રે, ગારી રે, ગારી, કામણગારી. જિનવર૦ ૨

અજ્ઞાન તિમિર હરતી, નિર્મળપદ વરતી;
જિનવર વદને વસનારી રે, નારી રે, નારી, વસનારી. જિનવર૦ ૩

સપ્તભંગ ભેદ ભાવા, સમ્યગ્ બોધ નાવા;
પળે પળે અમૃતરસ પાતી રે, પાતી રે, પાતી, રસ પાતી. જિનવર૦ ૪

સાધકની શુશ્રૂષા; વિશ્વની વિભૂષા;
ભવિજન મોક્ષની બારી રે, બારી રે, બારી, મોક્ષબારી. જિનવર૦ ૫

વાદી વિવાદહંતા, ગૌતમ પદ ભકતા;
સિદ્ધપદની શુદ્ધ માળા રે, માળા રે, માળા, શુદ્ધ માળા. જિનવર૦ ૬

શકિતમાં સરસ્વતી, ગુણમાં બ્રાહ્મણી;
ભારતી ભગવતી સુખકારી રે, કારી રે, કારી, સુખકારી. જિનવર૦ ૭

સત્યાર્થ પૂર્ણા, સ્વભાવે વિશુદ્ધા;
પ્રશાંત ગુણ રસ પાતી રે, પાતી રે, પાતી, રસ પાતી. જિનવર૦ ૮

ન્યાયમાં નિર્મળી, જ્ઞાનમાં ગરવી;
પદાર્થે પદ નિર્વાણી રે, વાણી રે, વાણી, નિર્વાણી. જિનવર૦ ૯

વરદાને વિમળા, ભાવમાં ભૈરવી;
ભવજલને તારણહારી રે, હારી રે, હારી, તારણહારી. જિનવર૦ ૧૦

અષ્ટ સિદ્ધિ પ્રમાતા, નવ નિધિ દાતા;
સર્વ મંગળની એ માતા રે, માતા રે, માતા, મંગળ માતા. જિનવર૦ ૧૧

કામ તે દુગ્ધા, અતિશયે પૂર્ણા,
દ્વાદશ યોજન ગુણ ગાતી રે, ગાતી રે, ગાતી, ગુણ ગાતી. જિનવર૦ ૧૨

સુસ્વરપૂરિતા, ભાવે અખંડિતા;
સકળ જીવન શ્રેયકારી રે, કારી રે, કારી, શ્રેયકારી. જિનવર૦ ૧૩

રગે રગે વ્યાપો, મા તુજ ગુણ જાપો;
બેડો દે પાર ઉતારી રે, ઉતારી રે, ઉતારી, પાર ઉતારી. જિનવર૦ ૧૪

" પ્રકાશ " માં પૂરો માડી, ભાવના અંકુરો દાડી;
ભાવના એ જ હમારી રે, હમારી રે, હમારી, એ જ હમારી. જિનવર ૧૫

મગનલાલ. મોતીચંદ શાહ-વઢવાણ કેમ્પ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

आत्मशक्ति

अपनी शक्ति को समझ लें, तो मिटे सब त्रास है।
अपनी शक्ति को समझ लें, विश्व अपना दास है ॥ १ ॥

आत्म से परम-आत्म होना, येही जग में खास है।
येही लगी अपने जीवन में, एक दिवस आश है ॥ २ ॥

आत्म से परम-आत्म होना, नहीं सुगम कुछ बात है।
पुरुषार्थ दृढ़ करना पड़े, इसके लिये दिनरात है ॥ ३ ॥

रज लगी जो कर्म की, उसको हटाना खास है।
संयम व तप स्वीकृत करें, तब कर्म का वह नाश है ॥ ४ ॥

होगा जहांतक वह नहीं, संयम व तप का प्रयास है।
वहां तक समझना आतमा, होता रहेगा निराश है ॥ ५ ॥

विश्व में सर्व श्रेष्ठतम, नर जन्म ही एक खास है।
भोग में इसको बिताना, तो मोल लेना त्रास है ॥ ६ ॥

भोग में रहता सदा, अशान्ति का साम्राज्य है।
त्याग में रहता सदा, वह शान्ति का ही निवास है ॥ ७ ॥

भोग में ममता न कर, रहना सदा ही उदास है।
त्याग का ही ध्येय रखना, येही अनुभव खास है ॥ ८ ॥

त्याग से निज शक्ति का, होता रहेगा विकास है।
मिटता रहेगा इस शक्ति से, वह विश्व का सब त्रास है ॥ ९ ॥

धन व वैभव संपदा, नहीं आतमा की खास है।
है आतमा की ज्ञानशक्ति, जो राज की सरताज है ॥ १० ॥

राजमल भण्डारी—आगर (मालवा)

For Private And Personal Use Only

મારી મુસાફરી

પ્રકરણ ત્રીજું

(અનુસંધાન પૃષ્ઠ ૧૩ થી)

સૂક્ષ્મ અને બાદર પૃથ્વીકાયમાં ગમન.

બાદર સાધારણ વનસ્પતિકાય યા બાદર નિગોદમાંથી અમે સૂક્ષ્મ પૃથ્વીકાય વિભાગમાં ગયા. એકાક્ષનિવાસ નગરમાં સૂક્ષ્મ નિગોદને છોડી ગુપ્તપણે-કોઇ ન જોઈ શકે એમ કહી શકાય એવા બીજા ચાર વિભાગ છે. તે ચારેના નામ અનુક્રમે સૂક્ષ્મ પૃથ્વીકાય, સૂક્ષ્મ જલકાય, સૂક્ષ્મ અગ્નિકાય અને સૂક્ષ્મ વાયુકાય છે.

બાદર નિગોદમાંથી સૂક્ષ્મ પૃથ્વીકાયમાં જવાનો અમને વિચાર શાથી થયો તેના કારણ જાણવા હોય તો સાંભળો—

એક તો અત્યાર સુધી એટલે સૂક્ષ્મ નિગોદમાં હતાં ત્યાં સુધી અમે છેદનભેદનથી ટેવાએલા ન હતાં. ત્યાં અમને ન તો કોઇ કાપી શકતું કે ન તો કોઇ બાળી શકતું. સૂક્ષ્મતાનો ત્યાગ કરી બાદરપણામાં આવ્યા ત્યારે છેદન-ભેદનના કષ્ટો પારાવાર સહન કરવા પડ્યા એટલે કંટાળી ગયા.

અનંતા આત્મા સાથે રહેવાનું તો ચાલુ જ હતું તેમાં તો કાંઇ ફેર જ પડ્યો ન હતો. છેદનભેદનાદિના કષ્ટો દૂર કરવા બાદર કરતાં સૂક્ષ્મતા સારી એમ અમે વિચાર્યું. તે વખતનો એ અમારો વિચાર સાચો હો કે ખોટો પણ સૂક્ષ્મમાં જવાનો નિર્ણય કર્યો.

સૂક્ષ્મ પૃથ્વીકાયમાં જવામાં અમને ખરો લાભ તો એ હતો કે ત્યાં-અનન્ત આત્માઓની સાથે એકત્ર વસી જે ગૂંગળામણ અમે અત્યાર સુધી અનુભવતા હતા-તે ન હતી.

એમ બે કારણો પ્રધાન રાખી અમે સૂક્ષ્મ પૃથ્વીકાયમાં ગયા. બાદર નિગોદમાંથી છૂટી સૂક્ષ્મ પૃથ્વીકાયમાં જવું એ તે સમયે અમારે માટે એક આનંદનો વિષય હતો. એ આનંદ મેળવવા અમે દુઃખ સહન કરવામાં બાકી રાખ્યું ન હતું. દુઃખ સહન કર્યા સિવાય આનંદ મળતો નથી એ ખરેખર સત્ય છે. વિના કષ્ટે-મફત મળેલા સુખની લહેજત પણ નથી અનુભવાતી. બાદર નિગોદમાં રહીને પણ અમે જનતા ઉપર ઓછા ઉપકાર નથી કર્યા. જો કે એ ઉપકારો યા જનતાના ઉપયોગમાં આવવું એ અમે જાણી જોઇને કર્યું ન હતું પણ જનતાને અમે ઉપયોગી થતા ત્યારે કેટલીક વખત મૂકભાવે-વિના કચવાટ કર્યે એ દુઃખ સહેતાં, અને તેથી જે મેળવ્યું તેને બળે અમે આગળ વધ્યાં.

અમારામાંનાં કેટલાએ એવાં હતાં કે જેઓએ કષ્ટ સહન કરતાં નિર્બળતા-

દુર્ભાવના કરી હતી. તેઓ અમારી સાથે આગળ ન વધી શક્યાં; ઊલટાં પાછા ગયાં–બાદર નિગોદમાંથી સૂક્ષ્મ નિગોદમાં ગયાં.

તે સમયે પ્રાણને ભોગે પણ અમે જનતા ઉપર ઉપકાર કર્યાં હતાં તેમાંનાં કેટલાંએક તમને ગણાવું કે જેથી બીજાનો ખ્યાલ તમને આપોઆપ આવી જશે.

ઋષિ–મુનિ–તાપસ–વનવાસી વગેરે નામે લોકમાં ઓળખાતાં કહેવાતાં તપસ્વીઓના શરીરનિર્વાહમાં અર્થાત્ ભોજનમાં અમે સતત ઉપયોગમાં આવીએ છીએ. અમારી કંદમૂળ નામની જાતિનો મોટે ભાગે એ પ્રકારે ઉપયોગ થાય છે, અનેક લોકો અમારા ભક્ષણથી પેટ ભરે છે. અમારા સ્વાદિષ્ટ શરીરો એ બધાને એટલા તો મીઠા લાગે છે કે કેટલાએ સમજુ આત્માઓના સમજાવવા છતાં તેઓ અમને ખાવાનું છોડતા નથી. ખાનારાઓનું ગમે તે થાય પણ તે દુઃખ સહન કરતાં ઘણી વખત અમને તો એક પ્રકારનો કર્મબોજ અલ્પ કરવારૂપ લાભ જ થાય છે.

અમારી કેટલીક જાતનો ઉપયોગ દવા તરીકે થાય છે. વાયુ નાશ માટે, શરદી દૂર કરવા, કફ ઓછો કરવા, અમારો ઉપયોગ અચૂક નિવડ્યો છે.

કુંવારપાઠા નામની અમારી એક જાત કોઈપણ જાતના પેટના દુઃખાવાને દૂર કરવા માટે રામબાણ ઉપાય કહેવાય છે.

પાણી ઉપર પારાવાર પથરાએલી સેવાલ–લીલ એ પણ અમારી એક જાતિ જ છે. પાણીને નિર્મળ અને નિર્દોષ કરવું એ તેનું પ્રથમ કર્તવ્ય છે. ભર ઉનાળાના સખત તાપથી જ્યારે પાણી પણ ઊકળી ગયું હોય ને પાણીમાં વસતા જલચર જીવો–માછલાં–કાચબા વગેરે તરફડતા હોય ત્યારે તેમને ઠંડક આપવી–ગરમી લાગવા ન દેવી એ તેમનું બીજું કર્તવ્ય છે. સાથોસાથ પોતાની છત્ર છાયામાં છૂપાવીને ઘાતકી મારછિઓને નજરમાં ન આવવા દેવા એ કંઈ જલચર જીવો ઉપર એમનો ઓછો ઉપકાર નથી. વળી શોધખોળના નિષ્ણાતોએ અમારી એ જાતનો જ ઉપયોગ કરી ‘પેનીસીલીન્’ Penicilin એ નામની એક એવી દવા બહાર પાડી છે જે અસાધ્ય દર્દોને દૂર કરવા સમર્થ નીવડી છે.

એ પ્રમાણે અનેક પ્રકારે ઉપયોગી બની અમે અમારું દુર્ભાગ્ય અલ્પ કરી બાદર નિગોદમાંથી છૂટકારો મેળવ્યો ને સૂક્ષ્મ પૃથ્વીકાયમાં આવ્યા.

અસંખ્ય કાળ સુધી સૂક્ષ્મ પૃથ્વીકાયમાં રહ્યા. છેવટે એમ થયું કે આમ છૂપાઈને કોઈના પણ જાણવામાં ન આવીએ એવી શુષ્ક જિંદગી ક્યાં સુધી ગાળવી? એ પ્રમાણે વિચાર કરી તેમાં ને તેમાં સૂક્ષ્મપણાનો ત્યાગ કરી અમે પ્રકટ થયાં–બહાર પડ્યાં ને બાદર પૃથ્વીકાયમાં ગયા. ત્યાંના વિશાળ અનુભવો હવે પછી કહીશું.

(ચાલુ)　　　　“ હિરેન્દુ ”

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૃદ્ધત્વમીમાંસા.

Philosophy of Old Age.

લેખક:—**શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી.**

સમશીતોષ્ણુ પ્રદેશમાં સીત્તેર વર્ષે અને ઉષ્ણ પ્રદેશમાં સાઠ વર્ષે વૃદ્ધાવસ્થા બેસે છે એવી સામાન્ય માન્યતા છે. વૃદ્ધાવસ્થા એક રીતે જીવનમાં ભારરૂપ છે અને તે અવસ્થામાં કાંઇ ઉપયોગી કામ થઇ શકતું નથી એવી પણ લોકોમાં માન્યતા હોય છે. જીવન કેવી રીતે લંબાવી શકાય? ઉત્તરાવસ્થામાં પણ શરીર અને મનની શક્તિનો કેમ સંચય કરી શકાય? અને તે અવસ્થામાં કેવા ઉપયોગી કામો કરી શકાય? તેની ચર્ચા કરવાનો અહીં ઉદ્દેશ છે. આ લેખના વિચારો "સીત્તેર વર્ષ પછી" After Seventy નામના ઇંગ્લીશ પુસ્તક ઉપરથી લેવામાં આવ્યા છે.

મનુષ્યની જિંદગીના ચાર વિભાગ પાડી શકાય છે. (૧) બાલ્યાવસ્થા, (૨) યૌવનાવસ્થા, (૩) મધ્યમ અવસ્થા (૪) વૃદ્ધાવસ્થા. આપણા આર્યશાસ્ત્રોમાં શિશુ અવસ્થા, યુવાન અવસ્થા, વૃદ્ધાવસ્થા અને સંન્યાસ અવસ્થા એવા ચાર વિભાગો ધર્મકરણીની દૃષ્ટિએ પાડવામાં આવ્યા છે.

પૂર્વાવસ્થા જે માણસે સારી રહેણીકરણીમાં સંતોષથી કાઢી હોય છે, તેની ઉત્તરાવસ્થા-વૃદ્ધાવસ્થા સુખી, ઉપયોગી અને આનંદિત હોય છે. અફસોસને બદલે નવાં નવાં ઉપયોગી કામો કરવાની વૃત્તિ, આત્મઘૃણાને સ્થાને આત્મશ્રદ્ધા, નિરાશાને સ્થાને આશા અને આત્મવિશ્વાસ તથા કર્તવ્ય કરવાની અનિચ્છાને સ્થાને સારા કામ માટે પ્રવૃત્તિની ઇચ્છા, આવા મનુષ્યમાં વિશેષપણે પ્રગટ થાય છે. મનુષ્યજીવન ટૂંકું છે તો પછી તેનો લાભ બની શકે તેટલો સારા કામ માટે લેવો જોઇએ. જીવનવૃક્ષ વૃદ્ધાવસ્થામાં જ મીઠાં ફળ આપે છે. દેશની સમૃદ્ધિ દેશના ડાહ્યા વૃદ્ધ પુરુષોથી અંકાય છે.

સીત્તેર વર્ષની ઉમરે પહોંચવાથી માણસને પરમ સંતોષ થાય છે, કારણ પોતે તે ઉમરે પહોંચશે કે કેમ તેની પહેલાં ઘણી વાર તેને શંકા થયેલ હોય છે. સીત્તેર વર્ષે પહોંચ્યા પછી માણસને વિચાર આવે છે કે જીવનનું આ છેલ્લું સ્ટેશન નથી, હજી પણ મુસાફરી થઈ શકે છે અને મુસાફરી આગળ કેમ ચલાવવી તેની તે ગોઠવણુ કરે છે. તે જીવનની દૃષ્ટિ લંબાવે છે અને પોતે અંતીમ ઉચ્ચ સ્થાને કેવી રીતે પહોંચી શકે તે વિચારી લે છે. નાટકોમાં જેમ છેલ્લો અંક સર્વોત્તમ હોય છે, તેમ જીવનમાં પણ છેલ્લો અંક–વૃદ્ધાવસ્થા ઉત્તમ હોય છે. તેમાં જીવનના સમગ્ર પ્લોટનો સમન્વય થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉત્તરાવસ્થા કેમ ગાળવી તેની પણ કળા છે અને તેવા વૃદ્ધ માણસોના જીવન જાણવાથી આ કળા શીખી શકાય છે. સૂર્ય જેમ સંધ્યાકાળને રમણીય બનાવે છે, તેમ ઉત્તમ આત્મા જીવનના ઉત્તરકાળને સુખી સ્મરણીય બનાવી શકે છે.

જીવન કેવી રીતે લંબાવી શકાય—The prolongation of life.

મનુષ્ય જીવન ટૂંકું છે અને કામ કરવાના ઘણાં છે એ એક સામાન્ય કહેવત છે, માટે માણસે પોતાનું જીવન કેમ લંબાવી શકાય તે જાણવું જોઇએ. માણસનું આયુષ્ય જન્મથી જ નિર્ણીત થયેલ છે એવું શાસ્ત્રનું વચન છે પણ આપણે આયુષ્ય કેટલું તે જાણતા નથી. વળી નિરુપક્રમી અને સોપક્રમી પણ આયુષ્ય કહ્યાં છે, એટલે આપણું કર્તવ્ય તો એ છે કે-જીવન ન જોખમાય અને બને તેટલું લંબાય તે પ્રમાણે વર્તવું જોઇએ.

સીત્તેર વર્ષની ઉંમરે પહોંચ્યા પછી માણસે પોતાના અજબ શરીરના બંધારણનો ખાસ અભ્યાસ કરવો જોઇએ. તે કેવી રીતે કામ કરે છે ? અને તેની શી જરૂરીઆતો છે? તે જાણવું જોઇએ. કેવી રીતે શરીરનું પોષણ થાય છે અને પુનરૂરચના-recuperation થાય છે તેનો તેણે અભ્યાસ કરવો જોઇએ.

માણસના શરીર અને મગજને ટકી રહેવાની-સહન કરવાની અજબ શક્તિ છે જે શક્તિ બીજા નિર્જીવ યંત્રોમાં નથી. પુનરૂરચના કરવાની (recuperative) શક્તિ શરીરયંત્રમાં જ છે, બીજા મોટર વાહન જેવા યંત્રોમાં નથી. વળી હાલના વિજ્ઞાનના બળે ડાક્ટરોએ ઔષધ આપવાના અને કાપકૂપ કરવાના અનેક ઉપાયો શોધી કાઢ્યા છે જેની મદદથી પણ શરીરને ટકાવી શકાય છે.

વૃદ્ધ માણસ પોતાના દરેક નવાં વર્ષને નવી કમાણી માને છે. કેવું કિંમતી એક વર્ષ વધ્યું. વૃદ્ધ માણસને પાછલાં વર્ષો એક ચોખ્ખી કમાણી છે.

ઉપયોગી રહેણીકરણી—Helpful Habits.

માણસે પોતાની જિંદગીના વર્ષો ફોકટપણે કાઢવા ન જોઇએ. ખાસ કરીને વૃદ્ધ માણસે તો પોતાના વર્ષો સંભાળથી ગાળવા જોઇએ. વગરવિચાર્યે ખાવા-પીવાથી, વિના કારણ સ્વભાવ ગુમાવવાથી કે ગુસ્સો કરવાથી જિંદગી જોખમાય છે. વૃદ્ધ શરીરમાં સ્વરક્ષણના અને પુનર્ રવરચનાની ઓછી તાકાત હોય છે. વૃદ્ધ માણસને આત્મસંયમની ખાસ જરૂર છે. વૃદ્ધ માણસ શરીર પ્રત્યે બેપરવા ન થઇ શકે.

વૃદ્ધ માણસે મિતાહારી થવું જોઇએ. સાદું જીવન ગાળવું જોઇએ. મોજ-શોખીલું વિલાસી જીવન ગાળવાવાળા ધનાઢ્ય કરતાં સાદું જીવન ગાળનાર ગરીબ માણસ વધારે જીવે છે. પ્રમાદી સ્વછંદરવાયું જીવન શાપમય છે. માટે પ્રમાદ છોડી દઇ મહેનતથી પોતાનો નિર્વાહ કરવા વૃદ્ધ માણસે ઉદ્યમવંત રહેવું જોઇએ, વૃદ્ધ માણસે દરેક દિવસ સમતોલ રાખવો જોઇએ. ઘણું બેસ્યા ન રહેવું તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અતિ ચાલવું પણ નહિ. બેસવાનો ધંધો હોય તેણે માઇલ બે માઇલ ચાલવાનો નિયમ રાખવો. આખો દિવસ ખડે પગે કામ કરનાર સ્ત્રીએ જમ્યા પછી કલાક સૂવું જોઇએ. જેટલું કામ કરવું પડે તેટલો આરામ લઇ શરીરશક્તિમાં ન્યૂનતા ન લાવવી જોઇએ.

બની શકે ત્યાં સુધી વૃદ્ધ માણસે બપોરે જમ્યા પછી ઊંઘ લેવી. જમ્યા પછી કોઇ વાર વધારે પડતો શ્રમ કરવો નહિ કે કસરત કરવી નહિ. જો વધારે કામ કરવું પડતું હોય તો તદ્દન સાદો ખોરાક લેવો. વૃદ્ધ માણસે ઓછું ખાવું, ઓછો શ્રમ કરવો અને વધારે નિદ્રા લેવી. ઊંચે ચડવું હોય કે દાદરા ચડવા હોય ત્યારે ધીમેથી ચાલવું. બની શકે તેટલું ઘરે રહેવું અને મુસાફરી ઓછી કરવી. બની શકે તેટલું એકધારું જીવન ગાળવું. દાદરે ચડતી વખતે આખો પગ પગથીઆ ઉપર મૂકવો. પગનો ગોઠા આગલો અંગૂઠા અને આંગળાઓવાળો ભાગ મૂકીને દાદરો ચડવો નહિ. તેમાં શરીરને શ્રમ પડે છે. ચડવાના શ્રમ ઉપરાંત શરીરને સમતોલ રાખવાનો ભાર પડે છે તેથી હૃદય અને ફેફસાંને અતિ કામ કરવું પડે છે અને શ્વાસ ચડે છે.

માણસો ઘણીવાર શરીરયંત્રને ચાલુ જ રાખ્યા કરે છે, તેને આરામ આપતા નથી. આવા માણસો આયુષ્ય ઓછું કરે છે. શરીરને વખતોવખત આરામ મળવો જોઇએ, તેને હળવું કરવું જોઇએ.

સુખ અને શાંતિથી લોહીનું દબાણ ઓછું થાય છે, જ્યારે દુઃખ અને ચિંતાથી લોહીનું દબાણ વધે છે. માણસ જો વધારે હસતો રહેશે તો તેને દાક્ટરની ઓછી જરૂર પડશે. મનની શાંતિ આરોગ્યવર્ધક ઔષધ (ટૉનિક) છે, ચિંતા એક વિષ છે. વૃદ્ધ માણસે આસપાસના સંયોગો અને વાતાવરણ એવા રાખવા કે જેમાં તેને સુખશાંતિ મળે.

વૃદ્ધ માણસને વધારે સગવડતાની જરૂર છે, માટે સગવડતા હોય તો જ તેણે મુસાફરી કરવી.

વૃદ્ધ માણસે પોતાના પહેરવેશની સંભાળ રાખવી. જૂની ઢબના પહેરવેશને વળગી રહેવું નહિ; નહિ તો જૂના જમાનાનો, જમાના સાથે ન ચાલનાર માણસ લેખાશે અને એકલો પડી જશે. વૃદ્ધ માણસે જૂના મિત્રોને તજવા નહિ, કારણ તે નવા કરી શકશે નહિ. વખતોવખત જૂની મિત્રાચારી તેણે તાજી રાખવી. વૃદ્ધ માણસને જૂના મિત્રનો સહવાસ તાઝગી આપે છે.

વૃદ્ધ માણસને વાંચવાનો ઘણો વખત મળે છે. પોતાને જે વિષય પ્રિય હોય તે વિષયના પુસ્તકો વાંચવા. ધર્મના, તત્ત્વજ્ઞાનના કે સુંદર કથાના પુસ્તકો વાંચવા તેણે પસંદ કરવા. નવા પ્રગટ થતાં ઉત્તમ પુસ્તકો પણ વાંચવા ચૂકવું નહિ. સારું વાંચન એક સારા મિત્રની ગરજ સારે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૃદ્ધ માણુસે કામ કરવાનું પોતાનું કૌશલ્ય ગુમાવવું નહિ. ઓછું કામ કરવું, ઓછા કલાક કામ કરવું, પણ જે કરવું તે પૂરતી ચીવટથી યથાસ્થિત કરવું. એક વાત તેણે ધ્યાનમાં રાખવી કે કામ કરવાની અતિ ઉત્કંઠામાં પોતાનું આરોગ્ય ગુમાવવું નહિ.

વૃદ્ધાવસ્થામાં મનના કે લાગણીના વિહ્વલ થવાના પ્રસંગો ઓછાં મળવાં જોઇએ. તેવા કારણો મળવાથી શરીર અને મન ઉપર માઠી અસર થાય છે. વૃદ્ધ માણુસને મનની શાંતિની જરૂર છે. જો આસપાસનું વાતાવરણુ વૃદ્ધ માણુસને શાંતિ ન ઉપજાવી શકે તેવું હોય તો તે વાતાવરણ તેણે બદલવું જોઇએ, લાગણી રાખ્યા વિના બદલવું જોઇએ. વૃદ્ધ માણસે એવા નાટકો કે સિનેમા ન જોવા, કે જેના ભયાનક કે કરુણાજનક દૃશ્યો તેના મગજ ઉપર ઊંડી છાપ પાડે.

ચીડાઉ સ્વભાવ વૃદ્ધ અવસ્થાનું એક લક્ષણુ છે. ચીડાઉ સ્વભાવથી તેની અને આસપાસના માણસોની શાંતિ અને સુખની બરબાદી થાય છે. મનના ઉપર કાબૂ રાખવાથી ચીડાઉ પ્રકૃતિ સુધારી શકાય છે. પૂર્વાવસ્થામાં સારાં કામો કર્યાં હોય, બીજાઓ તરફ સહૃદયતા રાખી હોય, યથાશક્તિ દયા-દાન કર્યાં હોય તો ઉત્તરાવસ્થામાં ચહેરા ઉપર શાંતિ અને સૌજન્યતા દૃશ્ય થાય છે. કુકર્મ કરનારના ચહેરા વૃદ્ધાવસ્થામાં ક્રૂર અને તિરસ્કારયુક્ત જોવામાં આવે છે.

માણસનું આંતરજીવન શાંત અને સંયમિત હોય તો તેનું માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય વૃદ્ધિ પામે છે, જ્યારે કષાયી જીવન ઝેર બની સ્વાસ્થ્યનો નાશ કરે છે. જુવાન અવસ્થાનો ક્રોધી માણુસ પણુ સંયમ કેળવી વૃદ્ધાવસ્થામાં શાંતિ પામી શકે છે.

વૃદ્ધ માણુસે સહૃદયતા, સમતા, સંતોષ, આનંદ, સુખ, કર્તવ્યપરાયણતાને કેળવવાં અને કામ, ક્રોધ, માન, માયા અને ઇર્ષ્યાને તજવા

નિર્માલ્ય આધિ વ્યાધિ અને ઉપાધિઓ. Trifling Infirmities.

વૃદ્ધ માણુસે નિર્માલ્ય અને ગંભીર અસ્વસ્થતાના કારણોનો ભેદ પાડતાં શીખવું જોઇએ. નકામા નાના કારણો તરફ ઓછું લક્ષ્ય આપવું જોઇએ. ઉમર થાય એટલે સહજ કેટલીક શારીરિક ઉપાધિઓ તો આવે પણુ તેના ઉપર સતત ચિંતવન ન કરવું જોઇએ. નાનપણમાં પણ ઘણી નાની મોટી વ્યાધિઓ આવી ગઇ હોય છે અને ચાલી પણુ ગઇ હોય છે. સારી કે નબળી તંદુરસ્તી વખતે પણુ આશાવાદી બની પોતે તંદુરસ્ત છે એમ માનવાનો સ્વભાવ રાખવો જોઇએ. ઘણા રોગો તો ખોટી કલ્પનાઓ કરવાથી અથવા બીક અને નિરાશામાંથી ઉત્પન્ન થાય છે. ઘણા દર્દોનું કારણુ રોગિષ્ટ મન જ હોય છે, માટે મનને નિરોગી અને આશાવાદી રાખવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માથામાં તાલ પડે કે દાંતો પડી જાય કે સાંભળવાની શક્તિ મંદ પડે, કે જોવાની ચક્ષુઓ નબળી પડે તે કાંઇ મોટી મહત્વની બાબત નથી. તેલ બરાબર ઘસવાથી તાલ ઓછી થાય છે, નવાં દાંતના ચોકઠાં નંખાવી શકાય છે, ચશ્માંનો ઉપયોગ કરી શકાય. સાંભળવાની શક્તિ ઘણા ઓછા માણસની જાય છે. ઝીણા સૂરો ન સંભળાય તે કાંઇ પીડાનું કારણ નથી. વૃદ્ધ માણસને વખતોવખત પેશાબ કરવા જવું પડે છે, કારણ તેની બ્લેડર(પેશાબની કોથળી) નબળી થઇ જાય છે. આનો બીજો ઉપાય નથી. પણ તે કાંઈ મોટી વ્યાધિ નથી. ચામડી બરડ થઈ જાય છે, તેના ઉપર તેલ ઘસવાથી કે માલીશ કરાવવાથી ચામડી કુણી થઇ શકે છે.

વૃદ્ધ માણસને અપચાનો ખાસ રોગ હોતો નથી. બંધકોશ મટાડવાના ઉપાયો છે. ત્રિફળા જેવા ચૂર્ણનું સેવન કરવાથી અને નિયમિત હરવાફરવાથી બંધકોશ રહેતો નથી.

ઘણા વૃદ્ધ માણસોની ઊંઘ ઓછી આવવાની ફરિયાદ હોય છે. ઓછી ઊંઘ આવવી તે કાંઇ મોટો રોગ નથી. વળી સહેલાઈથી ઊંઘ આવી શકે તેના કેટલાક ઉપાયો પણ છે. પણ ઘેનની દવા લઈ ઊંઘ લાવવાની ટેવ પાડવી તે તંદુરસ્તીને નુકશાનકર્તા છે. શરીર અને મનને હળવું (relax) કરવાથી, સારું ચિંતવન કરવાથી, હાથ પગ અને મોઢાને છૂટા રાખવાથી ઊંઘ જલદી આવે છે. શરીર અને મનને અક્કડ રાખવાથી ઊંઘ આવતી નથી.

શરીર બહુ વજનવાળું હોય કે ચરબીવાળું હોય તે નુકશાનકારક છે. ચરબીવાળું હૃદય ભયનું સ્થાન છે. સામાન્ય રીતે જાડા માણસો કરતાં પાતળા માણસો વધારે જીવે છે. પાતળા શરીરમાં વધારે બળ અને સહનશક્તિ હોય છે.

વૃદ્ધ માણસે પોતાના હૃદયની ખાસ સંભાળ લેવી જોઇએ. અનુભવી વૃદ્ધ ડોકટરને હૃદય બતાવી યોગ્ય સલાહ લેવી જોઇએ. વૃદ્ધ માણસોમાં હૃદયના કે રક્તવાહિની શીરાઓ (blood-vessels)ના રોગથી વધારે મરણો થાય છે, માટે તેનું જ્ઞાન મેળવવું જોઈએ. ખાવા પીવામાં ફેરફાર કરવો જોઇએ, ઉત્તેજક પીણાંઓ ન લેવા જોઇએ તેમ તમાકુથી ધૂમ્રપાન ન કરવું જોઇએ. હૃદય-heartમાં સહન કરવાની અજબ શક્તિ છે, માટે પોતાને હૃદયની પીડા છે તે જાણવાથી વિશેષ ચિંતામાં રહેવા જેવું નથી. બરાબર સંભાળ રાખવામાં આવે તો હૃદયની પીડાવાળા માણસો પણ લાંબા વર્ષો સુધી જીવતાં જોવામાં આવે છે. લોહીના વિશેષ દબાણથી પણ ગભરાવાનું નથી. સારા દાકટરની સલાહ લઈ યોગ્ય ઉપચાર કરી શકાય છે. એવા દબાણવાળા માણસે માનસિક ચિંતા અને શારીરિક શ્રમ ઓછાં કરવા જોઈએ.

તંદુરસ્ત કેમ રહેવું ? How to Keep Well.

ઉમરનો સીત્તેર વર્ષનો સીમા-સ્થંભ પસાર કર્યા પછી, માણુસે શરીરના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોષણ અને સુધારાની ખાસ સંભાળ રાખવાની છે. બીજા યંત્રોમાં છૂટા ભાગો મૂકી શકાય છે. શરીર યંત્રમાં છૂટા ભાગો ગોઠવી શકાતા નથી, માટે જે શરીરના ભાગો નબળા હોય તેની તપાસ રાખવી જોઇએ અને પૂરતી સારવાર કરવી જોઇએ. સારા અનુભવી દાક્તરને શરીર બતાવી, નબળા અવયવો ક્યા છે તે જાણી લેવું. મૃત્યુ સામેના યુદ્ધમાં હવે સીત્તેર વર્ષનો માણસ આગલી હરોલ-(front-line)માં આવે છે, એટલે તે જરાપણ ગફલતમાં રહી શકે નહિ. જો સંભાળ રાખે તો વધારે દશ વર્ષની જિંદગી તે મેળવી શકશે. બનતાં સુધી વૃદ્ધ અનુભવી દાક્તરની સારવારમાં રહેવું, કારણ જરૂર વિના દવાઓ ન લેવી અને કુદરતના નિયમો પ્રમાણે કેમ રહેવું તે અનુભવી દાક્તર જાણે છે અને તે પ્રમાણે દર્દીને સલાહ આપે છે. દવાના બાટલાઓ ખાલી કરવાથી તંદુરસ્તી નથી આવતી પણ આરામ અને સમજપૂર્વક રહેવાથી શરીર સચવાય છે તે વૃદ્ધ દાક્તર જાણે છે.

નિશાળોમાં બધા વિષયોનું જ્ઞાન અપાય છે, પણ વૈદકીય શાળા સિવાય કોઇ બીજી શાળામાં શરીરના વિષયોનું જ્ઞાન આપવામાં આવતું નથી, તે એક જાતની કમનસીબી છે. પુરાણા વિષયોનું જ્ઞાન આપવામાં આવે, અને ઘણા જ દરેક ઉપયોગી શરીરના વિષયનું સામાન્ય જ્ઞાન પણ ન અપાય તે બરાબર નથી.

વૃદ્ધ માણસોએ ખાટલામાં પડ્યા રહેવાની કે આરામ ખુરશીમાં બેસી રહેવાની ટેવ ન પાડવી જોઇએ. બની શકે તેટલું શરીરને હરતું ફરતું રાખવું જોઇએ. તેમાં ફક્ત માનસિક પ્રયત્નની જરૂર છે. કેટલાક માણસો પચાસ વર્ષની ઉંમરે પણ જાણે ગાત્રો ગળી ગયા હોય તેમ વાંકા ચાલે છે, ટટાર ચાલતા નથી. આવી રીતે ચાલવાથી શરીરને અને વર્તનને હાનિ પહોંચે છે. આ અટકાવવા માટે જ માણસને લશ્કરી તાલીમની જરૂર છે.

વૃદ્ધ માણસે પોતાના શરીરના દેખાવ માટે પણ સંભાળ રાખવી જોઇએ. ઉમર કરતાં વધારે વૃદ્ધ દેખાવાનું કારણ નથી.

વૃદ્ધ માણસે નાના દેખાતાં મંદવાડ માટે પણ કાળજી રાખવી જોઇએ. થોડી શરદી થવાથી પણ દરકાર ન રાખવામાં આવે તો માઠાં પરિણામ આવે છે. કારણ વૃદ્ધ અવસ્થામાં શરીરમાં પુનર્શક્તિ પ્રાપ્ત કરવાનું સામર્થ્ય ઓછું હોય છે, વૃદ્ધાવસ્થામાં તંદુરસ્તીની ખરી કિંમત સતત સંભાળ છે.

વૃદ્ધ માણસે ખોરાક નિયમિત ઓછા પ્રમાણમાં લેવો જોઇએ. જુવાન માણસ જેવી તેની પાચનશક્તિ હોતી નથી. કુદરતનો નિયમ એવો છે કે વધારે પડતો બીનજરૂરી ખાધેલો ખોરાક વિષરૂપે પરિણમે છે.

દરેક માણસે ખાસ કરીને વૃદ્ધ માણસે ધીમે ધીમે ચાવીને ખાવાની આદત રાખવી જોઇએ, કારણ પાચનનું કામ મોઢામાંથી જ શરૂ થાય છે. પૂરતું પાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પીવાની આદત રાખવી. તંદુરસ્તી સાચવવા પુષ્કળ પાણી પીવું જોઇએ. ચા પીવાની ટેવ હોય તો ઉકાળ્યા વિનાની લેવી. કડક ચા ન લેવી. તમાકુ અને દારૂ નુકશાનકારક છે, માટે વૃદ્ધ માણસે ત્યજી દેવા જોઇએ. ખુલ્લી હવામાં દીર્ઘ શ્વાસોશ્વાસ લેવા તે તંદુરસ્તી જાળવવાનું એક રહસ્ય છે. ખુલ્લી હવા ખોરાક જેટલીજ અગત્યની વસ્તુ છે. ખોરાક વિના કેટલીક મુદત રહી શકાય પણ હવા વિના તો પાંચ મિનિટ પણ ન જીવી શકાય. ખુલ્લી તાજી હવા ઉપયોગી છે, માટે બની શકે તો ખુલ્લામાં અથવા બારી ઉઘાડી રાખી સૂવું. આપણા ફેફસાં લોહીને સુધારનાર ચૂલા જેવા છે, અને તે ચૂલા શ્વાસોશ્વાસથી ચાલુ રહે છે, માટે ઊંડા શ્વાસ લેવા જોઇએ અને તે પણ તાજી હવાના.

તંદુરસ્તીના મુખ્ય સાધનો તાજી હવા, સ્વચ્છ પાણી, સૂર્યનો પ્રકાશ, સાદો ખોરાક અને બનતી કસરત છે. આ પ્રમાણે ચાલનારને માંદગી આવતી નથી. અનુભવથી દાકટરો પણ જાણે છે કે દવાઓથી જેટલા રોગો મટે છે તેના કરતાં વધારે બીજી શારીરિક મુશ્કેલીઓ ઊભી થાય છે.

માણસે તેના મોટા આંતરડાની સંભાળ રાખવી જોઇએ અર્થાત્ તે બરાબર સાફ રહે છે કે નહિ તે જોવું જોઇએ કારણ મોટા આંતરડામાં જ બધા દર્દોના જંતુઓ (germs) રહે છે.

કુદરત જ્યારે દુઃખની અગમચેતીનો ઘંટ વગાડે ત્યારે પ્રથમ કામ તે દર્દને મટાડવાના ઇલાજ શોધ્યા પહેલાં તેનું કારણ શોધવું જોઇએ. ખોટી રીતે રહેવાની કે બેદરકારી કરવાની સજારૂપ દર્દ છે. તંદુરસ્તી માણસની રહેણીકરણીની લાયકાત પ્રમાણે મળે છે. તંદુરસ્ત રહેવાની બધી વિદ્યાઓમાં તંદુરસ્ત રહેવાની પ્રબળ ઇચ્છા (The will to be Well) મોટામાં મોટી છે.

વૃદ્ધ માણસે સંભાળથી ચાલવું જોઇએ. લપસી ન જવાય તેની પૂરતી સંભાળ રાખવી જોઇએ કારણ લપસી પડી જવાથી મોટો આઘાત થાય છે. અને ઘણી વાર આવી રીતે અકસ્માત પડી જવું પ્રાણઘાતક નીવડે છે. વૃદ્ધ માણસે ઠંડી ઋતુમાં પોતાની છાતી અને ફેફસાંને શરદી ન લાગી જાય તેની સંભાળ રાખવી. શરદીમાંથી ન્યુમોનીયા થાય તો ઘણી વાર પ્રાણઘાતક નીવડે છે.

શરીરની જેટલી શકિત વપરાય તેટલી પૂરતી કરવી તે તંદુરસ્ત રહેવાનું મોટું રહસ્ય છે. શરીર એક શકિતના બંડોળ જેવું છે. જે શારીરિક શકિત વપરાય તેની પાછી પૂર્તિ કરવી જોઇએ. જીવન એક બળતી ભઠ્ઠી જેવું છે તેમાં સતત બળતણ ભરવું જોઇએ. અને તમામ બળી ગયેલ રાખને બહાર નાંખવી જોઇએ.

બધા સુખોમાં શરીરનું આરોગ્ય મોટામાં મોટું સુખ છે. કહેવાય છે કે પહેલું સુખ તે જાતે નર્યા અને બીજું સુખ તે ઘરે દીકરા માટે શરીરની સંભાળ રાખવી આવશ્યક છે. ધર્મ કરવાનું મુખ્ય સાધન પણ શરીર છે. (અપૂર્ણ)

———卐———

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યવહાર કૌશલ્ય

(૨૬૯)

આપણે પાંચ મિનિટ બચાવવા માટે આકાશ પાતાળ એક કરી નાખીએ અને જ્યારે તમને તે મળે ત્યારે તેનો શો ઉપયોગ કરવો તેનો જરા પણ ખ્યાલ ન હોય.

આ વાતની શોધ કરવાનું માન આપણા યુગને ફાળે જાય છે.

જો મોટરના એન્જિનમાં છને બદલે આઠ સીલીંડર નાખીએ તો મોટર કલાકના ૩૫ ને બદલે ૪૦ માઈલ ચાલે, મધ્યમ ગીઅરને બદલે ત્રીજેથી ઉપાડીએ તો કલાકે બે મિનિટ બચે, ઊતરવાના એસ્કેલેટર (escalator) ચાલે અને આપણે પણ પગથિયાં ઊતરતાં જઈએ તો ૧૦૦ ફીટના દાદરમાં ૧૦ સેકન્ડ બચે, વસ્તુ માથે વહેવાને બદલે ઓફિસમાં નાનકડી રેલવે કરી હોય કે લાઈબ્રેરીમાં પુસ્તક લાવવા હાથ ગાડી પાટા ઉપર બનાવી હોય તો પુસ્તક કે વસ્તુ લાવવામાં ૨૦ સેકન્ડનો બચાવ થાય, ફક્ત માણસ સાથે કે ચીઠ્ઠી લખીને આપવાને બદલે ફોન કરીએ તો અડધી મિનિટ બચે, પેનમાં શાહી ભરી રાખી હોય તો ચાર પાના લખતાં ખડીઆમાં બોળવા આદિને અંગે બે મિનિટનો બચાવ થાય-આવા આવા વખત બચાવવાના આપણે સેંકડો ઉપચારો ગોઠવીએ છીએ, પ્રયોગો કરીએ છીએ અને ગોઠવણો યોજીએ છીએ.

મોટા ખરચા કરી, મોટા પ્રયોગો કરી, અનેક યંત્રો યોજી આપણે મહામુસીબતે થોડી સેકન્ડ કે થોડી મિનિટો બચાવીએ છીએ એ આપણે અનેક શોધખોળોમાં, યંત્રોમાં, મોટરોમાં અને નાની મોટી યોજનામાં જોઈએ છીએ અને એથી આપણે મહાન શોધ કરી હોય કે મોટો વિજય મેળવ્યો હોય એમ માની મલકાઈએ છીએ.

પણ વધારે બારીકાઈથી જોતાં જણાશે કે આવી ભારે જહેમતે મેળવેલ થોડી ક્ષણો કે **પળોનો શો ઉપયોગ** કરવો એનો આપણે વિચાર કે ખ્યાલ જ કર્યો હોતો નથી, એટલે મેળવેલ ક્ષણો એળે જાય છે, પ્રયાસ પાણીમાં જાય છે અને **મજૂરી માથે પડે છે.** બચેલ વખતનો સદુપયોગ કરવાની યોજના ન હોવાને કારણે રવિવારે સિનેમામાં ટીકીટ મળતી નથી, ચોપાટી ઉપર ચાલવાની જગ્યા મળતી નથી, નવા વિચારને કે મૌલિકતાને અવકાશ મળતો નથી, વ્યાપારમાં લાભ મળતો નથી, સાહિત્યમાં પ્રગતિ થતી નથી, વાણીમાં વૈભવ આવતો નથી, માનસમાં શાંતિ આવતી નથી, ચિત્તમાં સ્થિરતા આવતી નથી; ઊલટો ઊકળાટ, ઉન્માદ, ધમધમાટ, ઉચાટ અને ક્લેશ વધે છે અને ફુરસદનો વખત ગપ્પાં મારવામાં કે ગંજીપો રમવામાં કઢાય છે. વ્યવસ્થા કે ધોરણ વગરના પ્રાણીને તો સગવડ પણ ફસાવવાનું કારણ બને છે અને નવરાશ એનું નખ્ખોદ વાળે છે. વ્યવસ્થાવાળો માણસ દરેક ક્ષણને મૂલવે છે, બાકી તો આંટા મારતા અને હાંકાહાંક કરતા હોય એવા માણસને તો **સગવડો** પણ **આપરૂપ** થઈ પડે છે. આ સત્ય આ યુગમાં જણાયું છે. ચારે બાજુ જુઓ-એ દેખાઈ આવશે.

---

* "It has been left to our generation to discover that we can move heaven and earth to save five minutes and then not have the faintest idea what to do with them when you have saved them."

C. E. M. GOAD (20-10-38)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રયત્નને પરિણામે નિષ્ફળતાના મોટા નામને યોગ્ય પ્રયાસની ગેરહાજરીને બદલે લાંબા પ્રયાસને પરિણામે નિષ્ફળતા મળે એ ખરેખર મહાન છે.

દરેક પ્રયાસ મહાન નથી હોતા, પણ કેટલાક પ્રયાસ વીર ચેષ્ટાના નામને યોગ્ય હોય છે. કોઈ બહાદુરી ભરેલું કામ હાથમાં લેવું, કોઈ જનતાના મહાકલ્યાણનું કામ હાથ ધરવું, કોઈ સમાજસેવા કે પરોપકારની સુંદર યોજના ગોઠવી તેમાં ઝંપલાવવું—એ મહાન પ્રયાસ કહેવાય. બાકી તો નાના નાના પ્રયત્નો તો દરેક પ્રાણી દરરોજ કર્યા કરે છે. એને પાણી પીવાનો પણ પ્રયાસ કરવો પડે છે અને ખાવામાં પણ પ્રયાસ તો છે જ. અહીં જે વાત થાય છે તે આવા સામુલી આશુ કે નિત્ય ઘટનાના પ્રયાસ માટેની નથી. કોઈ ભારે સાહસ, નવીન શોધખોળ, ભવ્ય રચના કે એવા કામને આદરવું. આવા **મહાન કામમાં ફતેહ થાય તો ડંકા વાગે**, દુનિયામાં નામ રહી જાય, સ્વાત્મસંતોષ થાય, જીવન સફળ થાય. આ તો જાણીતી વાત છે. એ સર્વમાન્ય સ્વીકારાયેલ સત્ય છે અને એ આપણા દરરોજનો અનુભવનો વિષય છે.

પણ હવે જરા ઊલટી નજરે એ જ પ્રયત્નને જોઈ લઈએ. ધારો કે ખૂબ પ્રયત્ન આદર્યો, તદ્યોગ્ય સાધનસામગ્રી એકઠાં કર્યાં, એની પાછળ જરૂરી ગોઠવણો અને સગવડો કરી, એની વિગત બાબત ગણતરીથી કરી, છતાં એ કાર્યમાં ધારેલ ફતેહ ન મળી. શોધખોળનું પરિણામ ધાર્યા પ્રમાણે આવ્યું નહિ કે તૈયાર કરેલ ભઠ્ઠી બગડી ગઈ કે આખો પ્રાણ દુભાઈ ગયો; તો પણ એ વીરચેષ્ટા થઈ, એ બહાદુર માણસને છાજે તેવું કામ થયું, એ ભવ્ય ભાવનાનો અણધાર્યો **વિપરીત પરિપાક** થયો. આ વાત ઠીક ન થઈ, પ્રયાસ નકામો ગયો, મહેનત માથે પડી; છતાં આદરવાના આળસ કરતાં કે ભયથી કે ચિંતાથી આદરવાના અખાડા કરતાં **ભવ્ય છે, મહાન છે, સુંદર છે.**

ઘોડે ચઢનારો પડે, વાવણી કરનાર પાછો પડે, ભણનાર પરીક્ષામાં નાપાસ થાય, મોટો વ્યાપાર કરનાર લડાઈ ઓચીંતી બંધ થતાં સીધા બજારમાં પણ માર ખાઈ બેસે, પણ એના કામનાં પરિણામ તરફ જોવાનું નથી, એની બાંધણી અને વિચારશ્રેણીની ભવ્યતા પર નજર રાખવાની છે, એના માનસિક ખમીર તરફ આદર બતાવવાનો છે. એ પડશે તો પણ માન પામશે, નિષ્ફળ થશે તો પણ સહાનુભૂતિ આકર્ષશે, માર ખાશે તો પણ લાગણી ઉશ્કેરશે. **મોટા સાધ્યની પાછળની ભૂમિકા પ્રશંસા જ માગે છે.** એમાં નિષ્ફળતા મળે તો પણ તે ખરેખર ભવ્ય છે, મહાન છે, પ્રશંસાને યોગ્ય છે અને આશ્વાસન માગી લે છે. કાંઈ કામ ન કરનાર, ભયથી કે મુંઝવણથી હાથ ન હલાવનાર કરતાં આવા મોટાં કામમાં નિષ્ફળતા મેળવનારના ધૈર્યની કિંમત ગણાય છે અને ગમે તે રીતે જોઈએ તો પણ એ જનતાના સત્કારનું પાત્ર બને છે. નિષ્ફળતાનું નામ પણ જેવા તેવા સાહસને શોભતું નથી, પણ ચીવટ અને પ્રયાસ પછી પણ જો ધાર્યું ન થાય તો પણ વીર વર્તનનું બિરુદ જરૂર મળે છે માટે બેસી ન રહો, ઊઠો, કરો, સારું થઈ આવશે અને નહિ તો પણ તમને યશ તો મળશે જ.

મૌક્તિક

Failure after long perseverance is much grander than never to have had a striving grand enough to be called a failure. (7-2-38)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાહિત્ય-વાડીના કુસુમો

લેખકઃ—મોહનલાલ દીપચંદ ચોકસી.

ભૂમિકા—

આ ફૂલવાડી સામાન્ય પ્રકારની નથી. કથાઓરૂપી જે મહાસાગર જૈન દર્શન ગ્રંથોમાં ભર્યો પડયો છે, એમાંથી તારવેલી થોડીક કથાઓ જ અહીં તો નજરે ચડવાની છે. ફૂલવાડી નામની સાર્થકતા એટલા સારુ છે કે જેમ વાટિકામાં પાંગરેલા ફૂલોમાં રંગ-સુવાસ-રમણિયતા-ખીલવણી અને પાંખડીઓ વગેરેનું વૈવિધ્ય દૃષ્ટિગોચર થાય છે તેમ આમાં અર્થાત્ સાહિત્યવાટિકાના આ પુષ્પોમાં પણ એના એ જાતના દર્શન થનાર છે. વનસ્પતિકાયના એકેંદ્રિય ફૂલો માફક અહીં આલેખવાના પંચેંદ્રિય જાતિના કથાનકોમાં સુવાસનાં મુખ્ય ગુણ ઉપરાંત અન્ય પ્રકારનું સામ્ય પણ સંભવિત છે. આમ છતાં સુગંધના આકર્ષણથી હરકોઇ માનવ પુષ્પ પ્રતિ ખેંચાય છે તેમ અહીં પણ વાર્તાના એકાદ પ્રસંગમાં એવું તત્ત્વ સમાયું હોય છે કે જેથી એ હરકોઇ વાચકના મનને હરી લે છે.

પુષ્પોની માફક આ સાહિત્ય વાડીના કુસુમોને દેશકાળના બંધન નડતા નથી. પ્રાતઃકાળે ખીલનારા અને હજારોના દિલને પોતાનામાં ભરેલી મોહકતાથી આનંદ અર્પનારા પુષ્પો સંધ્યાકાળના આગમન ટાણે કરમાવાના કુદરતી કાનૂન જ એવો છે.

આ કથાનકરૂપી કુસુમોના માથે એ જાતનો ભય નથી—સંખ્યાબંધ વર્ષોના વહાણા વાયા છતાં એમાંની મોહકતા ઓછી નથી થઇ. એમને કરમાવાનો કે ચીમળાવાનો પ્રશ્ન નડતો જ નથી. દહીંના વલોણામાંથી માખણ સહજ ઉપર આવે તેમ એ જ્યારે પણ વિચારવામાં-અવલોકવામાં-અવધારવામાં આવે ત્યારે એમાંથી નવનીત સહજ તરી આવે છે.

એ કેવી રીતે ગ્રહણ કરવું એ વાચકની શક્તિ પર અવલંબે છે. એને કેવી રીતે વિકાસાવવું, આમ જનસમૂહને ભોગ્ય બનાવવું એ કલમ ચલાવનારના અભ્યાસ પર આધાર રાખે છે.

એકાંતમાં ભાવના ભાવતાં કિંવા આત્મલક્ષી ચિંતનમાં આ પ્રકારના દૃષ્ટાન્તો અતિ ઉપયોગી હોઇ જલદ અસર કરનારા છે. કેટલાક સજ્ઝાયોમાં ગુંથાયેલા જોવાય છે. એમાંનાં કેટલાકને ચાલુ કાળના વાઘા સજાવી વર્તમાન માનસને બંધ બેસે તેવા ચોકઠામાં ઢાળવાનો પ્રયાસ ઉચિત માન્યો છે.

'સવિ જીવ કરું શાસનરસી,' એ ઉદાત્ત ભાવના તીર્થંકર પરમાત્માની હોય છે. પૂર્વ ભવોમાં વિશ્વના સર્વ જીવોને ઉપકારી થવાની તમન્ના સેવનારા વીર્યશાળી આત્માઓ જ વીશ સ્થાનકમાંથી એક યા અધિકની સચોટ આરાધનાવડે એ સર્વોત્કૃષ્ટ પદની પ્રાપ્તિ કરે છે. ભારતવર્ષની અપેક્ષાએ કહીએ તો એવા વીરલા આ અવસર્પિણીમાં માત્ર ચોવીશ જ સંભવે, અને એમના ઉગમનો કાળ પણ પૂરો થયો. અહીં જેમની વાત કરીશું એ તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપરોક્ત વિભૂતિઓના શાસનકાળમાં પંકજ માફક ઉજ્જ્વળ સંસારના વિષય અને કષાય-રૂપી કાદવ ને જળના સંયોગોથી પોષાયા છતાં એને હડસેલી મૂકી ઉપર તરી આવેલા, તીર્થંકર દેવોના મુખે ચઢેલા, આર્દ્રો નો એવા કેટલાકના જીવનમાંથી મુદ્દાના સૂત્રોને સ્પર્શવાની વાત આવવાની. સારગ્રાહીનો ઉપયોગ પણ એનો જ જરૂરી લેખાય. તેઓ તો સ્વકલ્યાણ સાધી ગયા. એ જીવન જોયા પછી આપણા જીવનમાં પરિણામ આવવો જ જોઈએ. આંટીવાળાના વાચન કરતાં શિક્ષણનો અમલ જ ઇષ્ટ છે.

* * *

૧. આર્ય રમણી.

સ્વપ્ન કે સત્ય ?

પ્રાણવલ્લભા ! જીવન જીવતાં વર્ષોનાં વ્હાણાં વાયાં છતાં કોઈ દિન તારા કમનીય ને રમ્ય ચહેરા પર વિષાદની છાયા જોવામાં આવી નથી અને આજે એકાએક એ ચહેરો કાલિમાથી ભરપૂર કેમ જણાય છે ?

શીતકાળની આ મનોહર રાત્રિઓ તો કામીજન માટે ગમેચ્છ પ્રકારના વિલાસ માણવા સારુ કુદરતે નિર્માણ કરેલા અવસર લેખી. એ વેળા આનંદપ્રમોદ જ શોભે, ખિન્નતાનો લવ પણ ન હોવો ઘટે. એમાં તારા સરખી પૃથ્વીપુર નગરની રાણી કે જેને પાણી માંગતા દૂધ મળે અને હાકલ કરતા સેવામાં હજાર દાસીઓ હાજર થાય ! એના ચહેરા પર વિષાદ ! !

સ્વામી ! જો કે આ શબ્દ કહેતાં મારું અંતર ચીરાઈ જાય છે, છતાં સામાજિક કાનૂનને દૂર ન ઠેલી શકતી હોવાથી એ ઉચ્ચારું છું. ઉલ્લાસના ટાણે જરૂર વિષાદ છે. એ વિષાદ પણ કોઈ સામાન્ય પ્રકારનો નથી, બાકે બળતી આગ જેવો છે.

સત્વર કહી નાંખ, એ આગને હું ગમે તે પ્રકારે બુઝાવી નાંખીશ. તારા સ્નેહને ખાતર આ જીવન હોડમાં મૂકતાં પણ વિલંબ નહીં કરું. દરદ જાણ્યા વિના ઔષધ ક્યાંથી શોધાય ?

વાત એમ બની કે પરમ દિન પાછલી રાતનાં મને સ્વપ્ન આવ્યું. એમાં મેં સંખ્યાબંધ જીવોને જૂદી જૂદી જાતની વેદનાઓથી કીકીયારી પાડતાં અને રુદન કરતાં જોયાં. એ નર્કાગાર જોતાં જ જાણે મારી છાતી બેસી ગઈ, છતાં સ્વપ્ન તો ચાલુ જ રહ્યું. પ્રથમ જે દૃશ્ય જોયું એના કરતાં બીજું, અને બીજું વધારે ભયંકર ! જેને જોતાં જ મોતીઆ મરી જાય એવા વિકરાળ ચહેરાનાં માનવીઓ પેલા દુખિયારાને પકડી પકડીને વધુ ને વધુ પીડાઓ પમાડતાં હતાં એ પછીના ચાર નર્કાગારને કોની સાથે સરખાવવા એ હજુ પણ સમજાયું નથી. જે ભયંકર ને દારૂણ દુઃખરૂપી દાવાનળ એમાં સળગતો જોયો તે જીવનભર વીસરાય એવો નથી. આંખ મીંચી દીધી અને પુનઃ ઉઘાડું ત્યાં તો હું પલંગમાં પોઢેલી ! દિવાલ પર ઘટિકાયંત્ર ! ન મળે એ નર્કાગાર કે ન મળે રુદન કરતા એ માનવીઓ !

For Private And Personal Use Only

મન મનાવ્યું કે જે જોયું એ સ્વપ્ન-માયું કંઈ ન મળે. એમ છતાં અંતરમાંથી એ ન જ ભૂસાયું. કોઇકને રડતો જોતાં જ પેલા સાતે નર્કાગાર મારી આંખો સામે ખડાં થતાં!

બીજા દિને પણ એવી જ રાગકહાણી! ગઈ કાલે મધરાત વીત્યાને પાંચ આઠ ઘડિકાઓ વીતી હશે ત્યાં સ્વપ્નસૃષ્ટિમાં હું રમવા લાગી. આગલી રાતથી સાવ ઊલટી જ લીલા! દુઃખનું નામ ન મળે! સુવર્ણ અને મણિમાણેક કિંવા હીરા પાનાના ઝળહળતા પ્રકાશથી સુશોભિત કમરાઓ, જાતજાતના અલંકારો અને મનોહર વસ્ત્રોથી વિભૂષિત થયેલ યુગલો, દુનિયામાં જે અચિંત્ય શક્તિવાળા દેવો અને સ્વર્ગની અપ્સરાઓ તરીકે ઓળખાય છે એવા સેંકડો ને હજારોની સંખ્યામાં સ્વચ્છંદતાથી વિચરતાં અને મારા ચક્ષુ સામેથી પસાર થતાં જોયા. આવા વિમાનો બે પાંચ નહીં પણ વિપુલ સંખ્યામાં અને તે પણ સામસામી દિશામાં અને ગડકિતર સમૂહરૂપે!

વિચાર આવ્યો કે હું પૃથ્વીપુર નગરમાંના મારા મહેલમાં નિદ્રાધીન થઇ હતી; ત્યાંથી મને અહીં કોણ લાવ્યું. આ ઇંદ્રજાળ છે કે સાચું છે એ ચકાસવા જ્યાં કંઇ હલન કરું છું ત્યાં તો આંખ ઉઘડી ગઇ.

ન મળે અયોધ્યા અને ન દીઠા રાજ! કેવળ હું ને મારો પેલો પલંગ-કમરાના દ્વાર પણ મેં બંધ કરેલા એ જ દશામાં!

આમ દુઃખ અને સુખના અંતિમ સ્વરૂપો જોયા. ત્યારથી જ મારી વિહ્વળતા વધી પડી છે. એમાં ખરું શું તે સમજાતું નથી. એ દૃશ્યોને કેવળ માયાજાળ સ્વરૂપે માનતા મન પાછું હઠે છે. અંતરનાદ સંભળાય છે કે એ પાછળ જરૂર કંઈ રહસ્ય છે તેથી કદાચ સ્વર્ગના સુખને ભૂલી શકાય પણ પેલા નર્કાગારને નથી જ વિસરાતો, એ જ વિષાદનું મૂળ છે.

વહાલી પ્રમદા, હમણાં જ સ્વપ્નફળના જ્ઞાતાઓને બોલાવી એનું સમાધાન કરાવું છું. શાસ્ત્રવેત્તાઓમાં મને ખાસ શ્રદ્ધા નથી પણ તારા સાંત્વન અર્થે એમ કરું છું.

તરત જ અનુચર દોડાવી જૂદા જૂદા પંથના મહંતોને તેડાવી માનપૂર્વક આસન આપી, રાણીના સ્વપ્ન સંબંધી વૃત્તાન્ત કહી સંભળાવ્યો. એનાથી શું લાભાલાભ થશે? એવો પ્રશ્ન પૂછ્યો.

એકે જણાવ્યું કે 'આ સ્વપ્ના સાચાં હોતા જ નથી.' બીજાએ કહ્યું કે 'સૂતી વેળા મનમાં જેવા વિચાર હોય છે એવા સ્વપ્નમાં આવે છે' ત્રીજાએ વળી ત્રીજી જ વાત દેખાડી, 'ભૂદેવોને મિષ્ટાન્નનું જમણ આપવું કે જેથી ધર્મથી કર્મ ઠેલાય!'

આવા વિલક્ષણ ઉત્તરોથી રાણી ગભરાઇ ઊઠી અને ભાર મૂકી બોલી કે:—

મેં જે સ્વરૂપ નજરોનજર જોયું છે એ સંબંધી તમારા ધર્મગ્રન્થોમાં કંઇ વાત છે ખરી કે નહીં? બીજી ત્રીજી વાતોનું મને કંઇ જ પ્રયોજન નથી. શાસ્ત્રીય પુરાવો હું માગું છું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible] પરદેશના ચમત્કારિક પ્રયાસો ન ફળતાં એ સર્વને વિદાય કરવામાં આવ્યા. રાજવી પણ કંઈક નિરાશ થયો. ત્યાં પ્રધાનજીના પગલા થયા. દંપતીની વાત સાંભળતાં જ તેઓ બોલ્યા—

મહારાજ, આ વિષમ કોયડો નિર્ગ્રંથપુત્ર સિવાય કોઈથી ઉકેલાય તેવો નથી. આપણા નગરમાં આચાર્ય ભગવંત અર્ણિકાપુત્ર એ નિર્ગ્રંથોમાં અગ્રણી છે. જો તેઓશ્રીને અહીં પધારવા વિનંતી કરવામાં આવે તો ગુંચ ઉકલી જાય.

શક્તિવંતને શી વાર! માનપુરસ્સર આચાર્યશ્રીની પધરામણી કરાવાઈ, તેમની સમક્ષ રાણીએ ટૂંકમાં જ પોતાનો અનુભવ કહ્યો.

આચાર્યશ્રીએ તરતજ એ સાંભળીને કહ્યું કે—પુત્રી! તેં જે કંઈ જોયું છે એ સાચું છે. આ માનવલોકની હેઠળના ભાગમાં સાત નરકભૂમિઓ આવેલી છે. એના નામ. ૧ ઘમા, ૨ વંશા, ૩ સેલા, ૪ અંજના, ૫ રિષ્ટા, ૬ મઘા અને ૭ માઘવતી છે. રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમઃપ્રભારૂપ અનુક્રમે ગુણનિષ્પન્ન ગોત્રો છે. તેં પ્રથમ સ્વપ્નામાં જોયેલી પીડાઓ—વિવિધ પ્રકારની યાતનાઓ ત્યાં ઉપજતાં જીવોને પરમાધામીના હાથથી અથવા તો પરસ્પરના સંઘર્ષણથી ભોગવવી પડે છે. પોતાના પૂર્વ કર્મોનાં એ ફળ છે.

એવી જ રીતે બીજી રાત્રિના સ્વપ્નામાં જે સુખો જોયાં એ દેવદેવીઓ સાક્ષાત્ ભોગવતા હોય છે. આપણા આ લોકની ઉપર જ્યોતિષ મંડળ છે અને એનાથી ઉપર એ બાર સ્વર્ગો આવેલાં છે. ૧ સૌધર્મ અને ૨ ઈશાન, ૩ સનત્કુમાર અને ૪ માહેન્દ્ર એ સામસામે છે. જ્યારે ૫ બ્રહ્મ, ૬ લાંતક, ૭ મહાશુક્ર અને ૮ સહસ્રાર એકેકની ઉપર છે. પછી ૯ આનત, ૧૦ પ્રાણત અને ૧૧ આરણ, ૧૨ અચ્યુત સામસામે આવેલાં છે. એથી આગળ નવ ગ્રૈવેયક અને અનુત્તર વિમાનોમાં વસતા દેવો છે.

ગુરુજી, તમોને શું મારી માફક સ્વપ્નો આવેલાં કે શું?

ના, ના, દીકરી, હું જે કહી રહ્યો છું, એ તો નિર્ગ્રંથ પ્રવચનમાં વર્ણવાયેલું છે. એમાં એ પણ દર્શાવાયેલું છે કે:—

વિષય અને આરંભ સમારંભમાં આકંઠ બૂડી જઈ, જાતજાતના દૂષિત આચરણ આચરનાર જીવડાઓ મરીને પેલા નર્કાગારના મહેમાન બને છે અને રાગીમાગીને માનવ જીવનમાં જે કર્મો બાંધેલાં હોય છે તેનો પરિપાક ત્યાં રોતાં રોતાં-હાયવોય કરતાં લણે છે.

એથી વિપરીત જે જીવો પરોપકારમાં રક્ત રહી, અહીં પવિત્ર જીવન ગાળે છે, શક્તિ અનુસાર ગૃહસ્થના ઉમદા ધર્મનું કે મુનિના સંયમ ધર્મનું શુદ્ધ રીતે પાલન કરે છે, તેઓ મરણ બાદ એ સુકૃતવાવણીના ફળ લણવા ઉપરકહ્યા તેવા દેવલોકમાં ઉપજે છે. કલ્પનામાં ન ઉતારી શકાય તેવા સુખો અનુભવે છે.

નર્ક અને સ્વર્ગ એ તો દુરાચાર અને સદાચારના ચક્રવૃદ્ધિ વ્યાજ કોલવતા જીવંત સાધનો છે. 'કરો તેવું પામો' એ સારવાક્ય છે.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુમુક્ષુતાની પ્રથમ ભૂમિકા

(શ્રી સંભવ જિન સ્તવન–વિવેચન.)

(વિવેચક:—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા, એમ. બી. બી. એસ.)

[શ્રી અજિત જિન સ્તવનનું વિવેચન 'આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન' એ લેખમાં સંવાદગર્ભિતપણે કરવામાં આવ્યું હતું. હવે તેના જ અનુસંધાનમાં ક્રમપ્રાપ્ત સંભવજિન સ્તવન (આનંદઘનજીકૃત) સળંગ રીતે વિવેચવામાં આવે છે.]

આગલા સ્તવનમાં શ્રી આનંદઘનજીએ,—'કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ'—કાળલબ્ધિ પ્રાપ્ત કરીને આગે દિવ્ય જિનમાર્ગનું દર્શન કરશું, એવી આશાનું અવલંબન કર્યું. ત્યારે હવે શ્રી આનંદઘનજીની શુદ્ધ ચેતના જેને પ્રભુ પ્રત્યે પરમ પ્રેમ પ્રગટ્યો છે, પ્રભુને જેણે 'પ્રિયતમ' માન્યા છે, તેને સહજ જિજ્ઞાસારૂપ પ્રશ્ન ઊઠે છે કે–તે કાળલબ્ધિનો પરિપાક ક્યારે અને કેવી રીતે થાય? તેની મુદત ક્યારે અને કેમ પાકે? તેનું તત્ત્વચિંતનાત્મક સમાધાન કરવાના આશયથી શ્રી આનંદઘનજી પ્રકાશે છે—

સંભવ દેવ તે ધુર સેવો સવે રે, લહી પ્રભુ સેવન ભેદ;
સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ. સંભવ૦ ૧

અર્થ:—અહો ચેતન! તમે સર્વે સંભવ દેવને 'ધુરે'—સૌથી પ્રથમ સેવો! અને સેવો તે પણ તે પ્રભુના સેવનનો ભેદ લહીને–પામીને–સમજીને સેવો! એ સેવનના કારણની પહેલી ભૂમિકા અભય, અદ્વેષ અને અખેદ એ છે.

વિવેચન:—કોઈ પણ કાર્યની સિદ્ધિ એમ ને એમ તાબડતોબ થઈ જતી નથી. તે કાર્યસિદ્ધિના કારણરૂપ બીજ પહેલાં વાવવા પડે છે. પછી તેમાંથી અંકુર ફૂટી, છોડ બની, અનુક્રમે મોટું વૃક્ષ થઈ, સિદ્ધિરૂપ ફૂલ ફલભારથી લચી પડે છે, તેમ જિનદર્શનરૂપ કાર્યની અથવા મોક્ષરૂપ કાર્યની સિદ્ધિ માટે, તેના અમોઘ કારણરૂપ યોગ-બીજની ચિત્તભૂમિમાં વાવણી કરવી અતિ અતિ આવશ્યક છે કે જે અમોઘ–અવંધ્ય યોગબીજમાંથી ઉત્તમ યોગ–ભાવાંકુર પ્રગટી–ફૂટી નીકળી, અનુક્રમે મહાન્ મોક્ષવૃક્ષ ફુલીફાલી ફલ–ફૂલભારથી લચી પડે છે, અને સાક્ષાત્ જિનદર્શન અથવા નિર્વાણરૂપ પરમ અમૃતફળની પ્રાપ્તિ થાય છે.

અથવા કોઈ પ્રાસાદ ચણવો હોય, તો તે કાંઈ એમ ને એમ આકાશમાં અદ્ધર ઊભો થઈ જતો નથી. પણ પ્રથમ તો પ્રયત્નથી તેનો મજબૂત પાયો નાંખવો પડે છે, અને પછી તેના ઉપર ઉત્તરોત્તર ભૂમિકાનું સુદૃઢ નિર્માણ થતાં, આખી ઇમારત તૈયાર થાય છે. તેમ જિનદર્શન અથવા મોક્ષમાર્ગરૂપ ભવ્ય પ્રાસાદનું નિર્માણ કરવા માટે પ્રથમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તા આત્મપુરુષાર્થરૂપ મહાપ્રયત્નથી તેના પાયારૂપ-દૃઢ પીઠિકારૂપ યોગ-બીજનું પૂરણ કરવું પડે છે. અને પછી જ તેના ઉપર ઉત્તરોત્તર યોગ-ભૂમિકાઓનું સુદૃઢ નિર્માણ કરવામાં આવતાં, સાંગોપાંગ મોક્ષમાર્ગરૂપ ભવ્ય પ્રાસાદ તૈયાર થઈ દિવ્ય જિન-દર્શનનો સાક્ષાત્કાર થાય છે.

એટલા માટે જિન-દર્શનની પ્રાપ્તિ ઈચ્છનારા અથવા મોક્ષફળની કામના રાખનારા મુમુક્ષુ જીવે, તેના અમોઘ-અવંધ્ય કારણરૂપ મોક્ષસાધક ×યોગ-બીજનો ચિત્ત-ભૂમિમાં પ્રક્ષેપ કરવા યોગ્ય છે.

અને તે યોગ-બીજમાં સૌથી પ્રથમ અને સૌથી પ્રધાન એવું પરમ, *યોગબીજ શ્રી જિનેશ્વરની ભક્તિ છે, કારણ કે વીતરાગ દશાને પામેલા શ્રી જિનેશ્વર ભગવાન રાગ-દ્વેષ-મોહાદિ સમસ્ત અંતરંગ શત્રુઓને જીતી લઈ, સકલ કર્મકટકનો પરાજય કરી, શુદ્ધ સહજ આત્મસ્વરૂપમાં બિરાજમાન થયેલા શુદ્ધ આત્મા છે; અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યથી યુક્ત એવા મુક્ત સિદ્ધ પરમાત્મા છે, એવા પરમ યોગી સાક્ષાત્ શુદ્ધ સ્વભાવમય મોક્ષને પામેલા શુદ્ધ આત્માને આદર્શસ્થાને સ્થાપી, તેની એકનિષ્ઠ આરાધના કરવી, તે મુખ્ય-પ્રધાન યોગબીજ થઈ પડે એમાં જરાય આશ્ચર્ય નથી.

એટલે મોક્ષફળના કામી એવા મુમુક્ષુ જીવે તે ભગવાનનું આરાધન-સેવન કરવા તત્પર થવું, તે પોતાના જ આત્મકલ્યાણની-આત્મહિતની વાત છે. એથી કરીને સૌથી પ્રથમ તે ભગવાનનું સેવન કરવા આત્માર્થી મુમુક્ષુએ સર્વાત્માથી પ્રવર્ત્તવું જોઈએ.

એટલા માટે જ મહાત્મા આનંદઘનજી કહે છે કે-હે સર્વ આત્મબંધુઓ! આ સંભવદેવને તમે ધુરે-સૌથી પ્રથમ સેવો. '**સંભવ દેવ તે ધુર સેવો સવે રે.**'

આ ભગવાન્ સંભવ જિન આ અવસર્પિણી કાલના ત્રીજા જિનેશ્વર થઈ ગયા. તેઓએ રાગ-દ્વેષાદિ અરિદલનો સર્વથા સંહાર કરી, સકલ કર્મકલંકનો સંક્ષય કરી શુદ્ધ સહજ આત્મસ્વરૂપને પ્રાપ્ત કર્યું હતું. અને દેહ છતાં દેહાતીત એવી પરમ ઉદાસીન કાયોત્સર્ગ દશાએ શુદ્ધ સહજાત્મસ્વરૂપમાં બિરાજમાન તે પ્રભુ નિષ્કારણ કરુણાથી આ જગતીતલ પર વિહાર કરી, જગત્ જનને પરમ કલ્યાણમાર્ગનો ઉપદેશ દેતા હતા, પરમાર્થ મેઘની વૃષ્ટિ કરી પરમ શાંતિપ્રદ ધર્મામૃતનો પ્રવાહ વહાવતા હતા. એવા તે ભગવાન ખરેખર! 'સંભવ' હતા, કારણ કે તેઓથી ઉત્તમ ધર્મ-તીર્થનો સંભવ-જન્મ થયો

× करोति योगबीजाना-मुपादानमिह स्थितः ।
अवन्ध्यमोक्षहेतूनामिति योगविदो विदुः ॥
—શ્રી હરિભદ્રાચાર્યજીકૃત શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

* जिनेषु कुशलं चित्तं तन्नमस्कार एव च ।
प्रणामादि च संशुद्धं योगबीजमनुत्तमम् ॥ —શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

For Private And Personal Use Only

હતો. અથવા તે ભગવાન્ '×સંભવ' હતા, કારણ કે શં એટલે આત્મશાંતિના તે ભવ—ઉત્પત્તિસ્થાન હતા. આમ સંભવ, શંભવ આદિ નામ જેને યથાર્થપણે ઘટે છે, એવા આ પ્રભુ દિવ્ય જ્ઞાનાદિ ઐશ્વર્યથી યુક્ત હોવાથી ખરેખરા 'દેવ' છે.

એવા આ પરમ ઉપકારી, પરમ કરુણાસિંધુ શ્રી સંભવદેવને તમે 'ધુરે' સૌથી પ્રથમ, સૌથી પહેલું, પરમ પ્રધાન પદ આપીને સેવો, બીજા બધા કાર્ય કરતાં એને પહેલું સ્થાન આપીને સેવો. જગત્‌ના બીજા બધાં કામ પડતા મૂકી, આ પ્રભુની સેવા કરવારૂપ આત્માર્થનું કામ સૌથી પહેલું કરો. જગતના બીજા બધાં કામ તુચ્છ—અલ્પ ફળદાયી અને આ લોક પૂરતાં જ ઉપયોગી કે ઉપકારી છે. પણ આ પ્રભુસેવારૂપ ખરેખરું 'સ્વાર્થ' કાર્ય તો પરમ મોક્ષ ફલદાયી અને આ લોક—પરલોકમાં આત્માનું પરમ કલ્યાણકારી, પરમ ઉપકારી છે; માટે એ પ્રભુસેવાને પરમ ઉપાદેય ગણી, બીજા બધાં કાર્ય કરતાં એ પ્રત્યે અનંત અનંત—ગુણ વિશિષ્ટ પરમ 'આદર' ધારણ કરી, તે સેવનકાર્યમાં પરમ પ્રીતિ—ભક્તિથી લાગી જાઓ! લીન થઈ જાઓ! તાત્પર્ય કે—જગત્‌ના અન્ય કોઈ પણ પદાર્થ કરતાં અનંત અનંતગણા મહિમાવાન એવા આ પરમ 'અર્હત્' પ્રભુને પરમ પૂજનાના પાત્ર, પરમ પૂજ્ય, પરમ આરાધ્ય, પરમ ઉપાસ્ય અને પરમ સેવ્ય ગણી, તેની પૂજનામાં, તેની આરાધનામાં, તેની ઉપાસનામાં, તેની સેવનામાં સૌથી પ્રથમ તત્પર થાઓ! હે સર્વ મુમુક્ષુ આત્મબંધુઓ! આ પરમ પ્રભુની સેવામાં લાગી જવા માટે હું તમને સર્વને પરમ પ્રેમથી આમંત્રણ કરું છું કે—'સંભવ દેવ તે ધુર સેવો સવે રે.'

અને તે સેવા કેવા પ્રકારે કરવી જોઈએ તે માટે આનંદઘનજી કહે છે કે—'લહી પ્રભુ સેવન ભેદ' પ્રભુના સેવનનો ભેદ લહી—પામી—જાણી—સમજી તમે સર્વેય તે સ્વરૂપના સ્વામી એવા પ્રભુને સેવો! લૌકિક રીતે તો ઘણા જીવો આ પ્રભુને સેવે છે, ઉપરછલી—બાહ્ય સ્થૂલ દૃષ્ટિથી આ પ્રભુની સેવા કરનારા ઘણા જીવો દૃષ્ટિગોચર થાય છે, પણ તેઓ માત્ર ઉપર ટપકાથી સેવે છે—અંદરનો ભેદ પામ્યા વિના સેવે છે. પણ અમે જે કહેવા માગીએ છીએ તે તો અલૌકિક રીતે આ અલૌકિક પ્રભુને સેવવાની વાત કહેવા માગીએ છીએ, આ લોકોત્તર પ્રભુની સેવાનો અંતર્ગત ભેદ—રહસ્ય—મર્મ જાણીને—સમજીને સેવવાની વાત કહેવા માગીએ છીએ, આધ્યાત્મિક ગુણપ્રકાશરૂપ સેવાની વાત કહેવા માગીએ છીએ. આ લોકોત્તર દેવને ઘણા જીવો તેમનું સ્વરૂપ સમજ્યા વિના લૌકિક

× त्वं शम्भवः संभवतर्षरोगैः सन्तप्यमानस्य जनस्य लोके।
आसीरिहाकस्मिक एव वैद्यो वैद्यो यथा नाथ रुजां प्रशान्त्यै॥
अनित्यमत्राणमहंक्रियाभिः प्रसक्तमिथ्याध्यवसायदोषम्।
इदं जगज्जन्मजरान्तकार्तं निरञ्जनां शान्तिमजीगमस्त्वम्॥

—શ્રી સમંતભદ્રાચાર્યકૃત બૃહત્‌સ્વયંભૂસ્તોત્ર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રીતથી સેવે છે, આ લોક-પરલોક સંબંધી લૌકિક ફલની આકાંક્ષાથી-આશાથી સેવે છે, અથવા ક્રોધ-માન-માયા +લોભ આદિ દશ સંજ્ઞા સહિતપણે સેવે છે. આમ અલૌકિક દેવની લૌકિક ફલકામનાથી લૌકિકપણે કરાતી સેવા તે શુદ્ધ સેવા નથી.

શુદ્ધ સેવા* તો (૧) પ્રભુ પ્રત્યે પરમ ઉપાદેય બુદ્ધિપૂર્વક, (૨) આહારાદિ દશ સંજ્ઞાના નિરોધ સહિત, (૩) આ લોક-પરલોક સંબંધી કામના રહિતપણે-નિષ્કામપણે કરવામાં આવે તો જ થાય. આવી જે સંશુદ્ધ સેવા છે, તે જ અત્રે યોગબીજરૂપ થઇ પડે છે.

ત્યારે જિજ્ઞાસુ જાણે પ્રશ્ન કરે છે કે તે સેવનનો ભેદ શું ? તે કૃપા કરીને કહો. તેનું સમાધાન કરતાં કહે છે—'**સેવન કારણ પહેલી ભૂમિકા રે અભય અદ્વેષ અખેદ,**' પ્રભુસેવનના કારણરૂપ પહેલી ભૂમિકા અભય, અદ્વેષ ને અખેદ છે માટે તમે અભય, અદ્વેષ ને અખેદ પ્રાપ્ત કરી પ્રભુની સેવા કરો.

પ્રારંભમાં જ કહ્યું તેમ કોઇ પણ મકાન પાયા વિના ચણાય નહિ, પ્રથમ ભૂમિકા બંધાયા વિના ઉપલી ભૂમિકા બંધાય નહિ,-આ નિયમ છે. તેમ પ્રભુસેવારૂપ મહાપ્રાસાદનું ચણતર પણ તેનો પાયો પૂરાયા વિના થાય નહિ, તેની પ્રથમ ભૂમિકા બંધાયા વિના ઉપલી ભૂમિકા બંધાય નહિં. જો તે પ્રભુસેવારૂપ પ્રાસાદ બાંધવો હોય, તો પ્રથમ તેનો દૃઢ પીઠિકાબંધ બાંધવો જોઇએ, મજબૂત પાયો નાંખવો જોઇએ. તો જ તેનું સાનુબંધ ચણતર થયા કરે, તો જ તેની ઉપલી ભૂમિકાઓનું સર્જન થાય. નહિં તો '**मूलं नास्ति कुतो शाखा**' મૂળ નહિ તો શાખા ક્યાંથી હોય ? નિરાધાર-નિરવલંબ મકાન કેમ ઊભું થાય ? બીજ વિના ઝાડ કેમ થાય ? માટે અહો ભવ્યજનો ! પ્રભુભક્તિના કામી એવા મુમુક્ષુઓ ! તમે પ્રભુસેવારૂપ અલૌકિક પ્રાસાદની પ્રથમ દૃઢ ભૂમિકા બાંધો, મજબૂત પાયો નાંખો,-કે જેથી કરીને અનુબંધથી તે મહા દિવ્ય પ્રાસાદનું સાંગોપાંગ નિર્માણ સંપૂર્ણ કરી, તેના પર મુક્તિરૂપ કલશ ચઢાવી, વસ્તુસ્વરૂપની સિદ્ધિરૂપ 'વાસ્તુ' કરાવી, તે અનુપમ પ્રાસાદમાં નિરંતર નિવાસ કરવાનું પરમ સૌભાગ્ય તમે પ્રાપ્ત કરો !

અને તે પ્રથમ ભૂમિકા તો અભય, અદ્વેષ અને અખેદ છે માટે આ ગુણમયી પ્રથમ પ્રાપ્ત કરી, તમે આ આત્મસ્વરૂપનું પ્રભુત્વ પામેલા પરમ પ્રભુને સેવો !

(અપૂર્ણ)

+ દશ સંજ્ઞા—(૧) આહાર સંજ્ઞા, (૨) ભય સંજ્ઞા, (૩) મૈથુન સંજ્ઞા, (૪) પરિગ્રહ સંજ્ઞા, (૫) ક્રોધ સંજ્ઞા, (૬) માન સંજ્ઞા, (૭) માયા સંજ્ઞા, (૮) લોભ સંજ્ઞા, (૯) ઓઘ સંજ્ઞા, (૧૦) લોક સંજ્ઞા. આમાંની કોઇ પણ સંજ્ઞા પ્રભુભક્તિ કરનારને ન હોવી જોઇએ, ભક્તિસમયે ખાસ પ્રયત્નથી તે તે સંજ્ઞા વર્જવી જોઇએ.

* उपादेयधियात्यन्तं संज्ञाविष्कंभणान्वितम् ।
फलाभिसंधिरहितं संशुद्धं ह्येतदीदृशम् ॥ —શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અપીલ.

ગયા અંકમાં જણાવી ગયા બાદ "શ્રી જૈનધર્મ પ્રકાશ સહાયક ફંડ" નીચે પ્રમાણે મદદ મળી છે, જેનો સાભાર સ્વીકાર કરીએ છીએ. અને જેઓ હજી પોતાનો ફાળો ન મોકલ્યો હોય તેઓને સત્વેળા મોકલી આપવા વિજ્ઞપ્તિ કરીએ છીએ.

૧૮૮ાાન્ર	અગાઉના	
૨૫)	શાહ ભોગીલાલ દગડુશા હા. શાહ વસંતલાલ ભોગીલાલ	માલેગામ
૧૧)	પી. અમુલખ તારાચંદ	પુના કેમ્પ
૫)	શાહ કલ્યાણજીભાઈ મગનલાલ	નાગપુર
૨)	સંઘાણી કાળીદાસ નેમચંદ	મોરવાડા
૨)	મેતા વ્રજલાલ વર્ધમાન	ઇંદોર
૨૩૩ાાન્ર		

"શ્રી જૈનધર્મપ્રકાશ" ના ગ્રાહક બંધુઓને સૂચના.

સં. ૨૦૦૩ ના કાર્તિકથી સં. ૨૦૦૪ ના આસો સુધીનું "શ્રી જૈન પ્રકાશ"ના બે વર્ષનું લવાજમ રૂ. સાડાત્રણ વસુલ કરવા માટે ... કરવાના છે, તો વી. પી. ના નકામા ખર્ચમાંથી બચવા માટે આપનું ... મોકલી આપવા વિજ્ઞપ્તિ છે. મહા શુદિ ૧૫ સુધીમાં જેમનું લવાજમ નહીં ... તેમને વી. પી. કરવામાં આવશે. ગ્રાહક બંધુઓએ "પ્રકાશ સહાયક ફંડ"ને સહાય કરવી જરૂરી છે.

શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખક:— ...

જાણીતા પાશ્ચિમાત્ય વિદ્વાન ડૉ. બુહલરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રી મોતીચંદભાઈ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ છે? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિધવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યા છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ બે આના. વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો.

લખો:—શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવું સાહિત્ય.

ભગવાન રૂષભદેવ : લેખક : શ્રી. જયભિખ્ખુ.

નૂતન યુગને અનુરૂપ સાહિત્ય વાંચવું હોય તુરત મંગાવો. પ્રસિદ્ધ અઠવાડિક જુઓ —ફૂલછાબમાં પ્રગટ થયેલો અભિપ્રાય શું કહે છે:—

" શ્રી જયભિખ્ખુએ નવલકથામાં સર્વ પ્રસંગો ગૂંથ્યા છે; વાર્તા સરલ રીતે, શુદ્ધ સુવાચ્ય ઢબે, લખવામાં આવી છે. નવી સમાજરચનાના પ્રસંગો, સુનંદાનો સ્વીકાર, ભગવાન રૂષભદેવનો ગાદીત્યાગ, વિદાય વખતનો તેમનો ઉપદેશ, એ સર્વનું આલેખન સચોટ અને જૈન શાસ્ત્રકથાઓથી અનભિજ્ઞ વાચકને પણ રસપ્રદ બને તેવું છે. " ઇત્યાદિ.

સુંદર મહોદય પ્રેસની છપાઇ તેમજ જેકેટ સાથેનું
બાઇન્ડીંગ, પૃષ્ઠ ૩૬૫, મૂલ્ય. રૂા. ૪-૮-૦

દ્વાપષ્ઠી માર્ગણાસંગ્રહ. [યંત્રપૂર્વક] લેખક: મુનિશ્રી વિશાલવિજયજી

હાલમાં જ પ્રકટ થએલો આ ગ્રંથ કર્મગ્રંથ વિગેરેના અભ્યાસીઓ, સાધુ, સાધ્વીઓ તેમજ જ્ઞાનભંડારો માટે અનેક ગ્રંથોનું દોહન કરી મુનિરાજશ્રીએ ભારે મહેનતથી આ ગ્રંથ તૈયાર કરેલો છે. અને ઉપયોગી જણાયાથી સ્વ. શ્રીયુત્ કુંવરજીભાઇ આણંદજીએ આ ગ્રંથ તપાસીને છપાવવા માટે પ્રેરણા કર્યાથી પ્રકટ કરવામાં આવેલ છે. આ વિષયના વિદ્વાન ઉપાધ્યાયશ્રી ધર્મવિજયજી ગણિવર્યે આ ગ્રંથની વિસ્તાર યુક્ત પ્રસ્તાવના લખી વિષયને સ્પષ્ટ કરી ગ્રંથને વધારે ઉપયોગી બનાવેલ છે.

ડબલ ક્રાઉન ૮ પેજી સાઇઝ, સુંદર બાઇન્ડીંગ, પૃષ્ઠ ૨૭૫ લગભગ હોવા છતાં પડતરથી ઓછી કિંમત રાખવામાં આવેલ છે. કોપીઓ બહુ જ ઓછી છપાવી છે માટે આપના સંગ્રહ માટે તરત મંગાવી લ્યો. કિંમત ફક્ત રૂા. ૩) ત્રણ.

લખો:—**શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, હેરિસ રોડ-ભાવનગર.**

શાન્તમૂર્તિ મુનિરાજશ્રી જયંતવિજયજીકૃત:—

અચલગઢ સચિત્ર	૧-૪-૦	ચિત્રમય શંખેશ્વર [આલ્બમ]	૦-૬-૦
ચિત્રમય અચલગઢ [આલ્બમ]	૦-૮-૦	શંખેશ્વર સ્તવનાવલી	૦-૮-૦
હમ્મીરગઢ સચિત્ર	૦-૬-૦	રાજા શ્રીપાલ (શ્રી. જયભિખ્ખુ)	૦-૮-૦
શંખેશ્વર મહાતીર્થ ભાગ ૧ લો	૧-૬-૦		

લખો:—**શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, હેરિસ રોડ-ભાવનગર.**

દેવસીરાઈ પ્રતિક્રમણ—સાર્થ.

જેમાં શબ્દાર્થ-અન્વયાર્થ-ભાવાર્થ અને ઉપયોગી ફુટનોટ આપવામાં આવી છે શ્રી જૈન શ્વે. **એજ્યુકેશન બોર્ડ** અને **રાજનગર**ની ધાર્મિક પરીક્ષાનો કોર્સ પણ દાખલ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થઇ પડે તેવી શૈલી રાખવામાં આવી છે. કીંમત રૂા. ૨॥. લખો—

ગોપટલાલ સાકરચંદ શાહ, ચીકાંટા, ફીકાભટની પોળ—**અમદાવાદ.**

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

For Private And Personal Use Only